# Mission જિન શાસન

## સંપૂર્ણ સાધર્મિક ભક્તિ

પ્રિયમ્



।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# Mission જિનશાસન

સંપૂર્ણ સાધર્મિકભક્તિ

**પ્રિયમ્**


अहो श्रुतम्
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
ભાદરવો, વિ. ૨૦૭૬


(આ એક ગાઈડલાઈન બુક છે. અમે કોઈ પ્રોજેક્ટ/ આયોજન કરતા નથી, આપશ્રી આ ગાઈડન્સ સમજીને સ્વયં યોગ્ય રીતે દાનાદિ કાર્ય કરી શકો છો. દાન આપવા માટે લેખક/પ્રકાશકનો સંપર્ક કરવો નહીં.)

**જિનશાસન સિરીઝ :** સ્વપ્ન જિનશાસન, સ્ટીમ જિનશાસન, ડ્રીમ જિનશાસન, માય જિનશાસન, એન્લાઈટ જિનશાસન, એન્લાઈટ જિનશાસન (શોર્ટર), ફોર જિનશાસન, હાર્ટ જિનશાસન, મિશન જિનશાસન.

પુસ્તકનું નામ : મિશન જિનશાસન

લેખક : પ્રિયમ્

પ્રકાશક : શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

ભાષા : ગુજરાતી

વિષય : સાધર્મિક ભક્તિ માટે ગાઈડલાઈન્સ

પ્રકાશન વર્ષ : સંવત ૨૦૭૭, ઈ.સ.૨૦૨૦

પૃષ્ઠ : ૪૮

આવૃત્તિ : ૨જી

કિંમત : રૂા.30

પ્રાપ્તિસ્થાન : **(૧) શા સરેમલ જવેરચંદ ફાઈનફેબ (પ્રા.) લી.**
672/11, બોમ્બે માર્કેટ, રેલ્વેપુરા,
અમદાવાદ-380002. ફોન : 22132543

**(૨) શ્રી કુલીનભાઈ કે. શાહ**
શ્રી આદિનાથ મેડિસીન, T4-02, શંખેશ્વર કોમ્પ્લેક્ષ,
કૈલાશનગર, સુરત. મો.9574696000

**(૩) શ્રી હર્ષ શાહ**
702/A, ગણેશ દર્શન એપાર્ટમેન્ટ, 9th ખેતવાડી,
ગીરગામ, મુંબઈ-400004. મો.8828356826

For Online Purchase : Wattsup No. 9909866145

# ખરેખર નીક

બાગને હર્યો ભર્યો કરવા માટે
ને લીલોછમ કરવા માટે
એક એક પાંદડાને પંપાળવા
ને એક એક ફૂલને ફોરવવા
જરૂરી પણ નથી
અને શક્ય પણ નથી.
ફક્ત નીક એક્ટીવ ને વાત પૂરી
આખો બાગ લીલોછમ.

અહીં વાત છે ફક્ત નીકની
સમગ્ર જિનશાસન જેનાથી લીલુંછમ થઈ શકે,
જેનાથી સર્જાયેલ દશ્યને જોઈને
આપણી આંખોમાં આનંદના આંસુઓ આવી જાય,
સમગ્ર વિશ્વમાં જિનશાસનનો યશ લહેરાય,
કરોડો લોકો બોધિબીજ પામે
અને આપણા આત્માનો પણ
શીઘ્ર નિસ્તાર થાય એવી નીક
એટલે જ મિશન જિનશાસન,
એક હજાર કામ મુકીને કરવા જેવું કામ
એટલે જ મિશન જિનશાસન
જૈન તરીકેનું આપણું પ્રથમ અને શ્રેષ્ઠ કર્તવ્ય
એટલે જ મિશન જિનશાસન.
આ છે
એક આનંદનીય મિશન
આ છે
એક વંદનીય મિશન
ચાલો કરીએ
મિશન જિનશાસન.

# વિષયાનુક્રમ


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| (૧) | સંઘ | ૪ |
| (૨) | સંઘત્યાગ | ૬ |
| (૩) | સંઘસત્કાર – પ્રકાર – ૧ | ૯ |
| (૪) | પ્રકાર – ૨ | ૧૦ |
| (૫) | પ્રકાર – ૩ | ૧૨ |
| (૬) | પ્રકાર – ૪ | ૧૩ |
| (૭) | પ્રકાર – ૫ | ૧૪ |
| (૮) | પ્રકાર – ૬ | ૧૫ |
| (૯) | ભાવવાત્સલ્ય – ઉપાય – ૧ | ૧૬ |
| (૧૦) | ઉપાય – ૨ | ૧૬ |
| (૧૧) | ઉપાય – ૩ | ૧૭ |
| (૧૨) | ઉપાય – ૪ | ૧૭ |
| (૧૩) | ઉપાય – ૫ | ૧૮ |
| (૧૪) | ઉપાય – ૬ | ૧૯ |
| (૧૫) | ઉપાય – ૭ | ૨૧ |
| (૧૬) | ઉપાય – ૮ | ૨૨ |
| (૧૭) | ઉપાય – ૯ | ૨૩ |
| (૧૮) | ઉપાય – ૧૦ | ૨૪ |
| (૧૯) | ઉપાય – ૧૧ | ૨૪ |
| (૨૦) | દ્રવ્યવાત્સલ્ય – પરિબળ – ૧ | ૨૬ |
| (૨૧) | પરિબળ – ૨ | ૨૬ |
| (૨૨) | પરિબળ – ૩ | ૨૮ |
| (૨૩) | પરિબળ – ૪ | ૨૮ |
| (૨૪) | પરિબળ – ૫ | ૩૧ |
| (૨૫) | સંઘ ઔચિત્ય | ૩૩ |
| (૨૬) | શું આને ભક્તિ કહેવાય ? | ૩૫ |
| (૨૭) | મહાવીર વિદ્યાલયની પદ્ધતિ | ૩૭ |
| (૨૮) | સાધર્મિકને આત્મનિર્ભર બનાવીએ | ૩૯ |
| (૨૯) | સંઘ સંકલ્પ | ૪૨ |
| (૩૦) | ***Mission*** જિનશાસન | ૪૩ |

# ⁕ સંઘ ⁕

સંઘ એ જીવંત ભગવાન છે. પંચાશક ગ્રંથમાં પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજાના શબ્દો છે – **तित्थयराणंतरो संघो** પૂજ્ય અભયદેવસૂરિજી મહારાજાએ વૃત્તિમાં આના ત્રણ અર્થ કર્યા છે.

(૧) Next to તીર્થંકર સંઘ છે.

(૨) તીર્થંકરની Equal સંઘ છે.

(૩) તીર્થંકર 2nd છે, સંઘ 1st છે.

પૂ. અભયદેવસૂરિ મહારાજા ત્રીજી વ્યાખ્યાનું કારણ આપે છે –

**तप्पुव्विया अरहया ।**

*અરિહંતપણું સંઘપૂર્વક હોય છે*

*અનંત તીર્થંકરોમાંથી એક પણ તીર્થંકર એવા નથી હોતા,*

*જે સંઘની ઉપાસના વિના*

*સંઘના આશરા વિના*

*અરિહંત બન્યા હોય.*

*માટે સંઘ એ અરિહંત કરતા પણ શ્રેષ્ઠ છે.*

હાથમાંથી ભગવાનની પ્રતિમા છટકી જાય ને પડી જાય. આ એક ઘટના, ને હૃદયમાં સંઘ પ્રત્યેનો બહુમાનભાવ પડી જાય, આ બેમાં વધુ દુઃખદ ઘટના કઈ છે ? ભગવાનનું ચૈત્યવંદન કોઈ કારણસર અધુરું છોડવું પડે અને સંઘની સેવા કરવાનું છોડી દઈએ, આ બેમાં વધુ આઘાતજનક શું છે ? પક્ષાલ કરતા કળશ ભગવાનના માથે પડે આ ઘટના, અને સંઘની શોભા ઓછી થાય કે સંઘને નુકશાન થાય એવી આપણી કોઈ પ્રવૃત્તિની ઘટના, આ બેમાં વધુ દર્દનાક શું છે ?

**શાસ્ત્રોએ સંઘને કયો દરજ્જો આપ્યો છે ? ને આપણે કયો આપ્યો છે ? જે દરજ્જો શાસ્ત્રોએ આપ્યો છે, એ જો આપણે આપ્યો નથી, તો**

**એનો અર્થ એ છે કે આપણે શાસ્ત્રોને નથી માનતા. આપણે શાસ્ત્રોના વિરોધી છીએ. ભગવાન આપણને કહે છે - 'તું સંઘને માન.' આપણે કહીએ છીએ - 'હું નહીં માનું.' એનો અર્થ એ છે કે આપણે સંઘને તો નથી જ માનતા, ભગવાનને પણ નથી માનતા.**

હજી ઊંડા ઉતરીએ આપણે આત્મકલ્યાણમાં પણ નથી માનતા. મોક્ષમાં પણ નથી માનતા.

'સંઘ' એ એવું વ્યક્તિત્વ છે, જેની સેવા વિના - જેના પ્રત્યેના વાત્સલ્ય વિના આપણો ભવ નિષ્ફળ જવાનો છે એ નક્કી છે. સંઘવાત્સલ્ય ઓપ્શનલ નથી, આવશ્યક છે. જ્ઞાનીઓ કહે છે -

**ण कयं दीणुद्धरणं, न कयं साहम्मिआण वच्छल्लं ।**
**हिययम्मि वीअराओ, न धारिओ हारिओ जम्मो ।।**

*ન દીનોનો ઉદ્ધાર કર્યો*
*ન સાધર્મિકોનું વાત્સલ્ય કર્યું.*
*ને ન હૃદયમાં વીતરાગને પ્રતિષ્ઠિત કર્યા.*
*તો સમજી લો કે આ ભવ આપણે હારી ગયા.*

શ્રાદ્ધવિધિ ગ્રંથ કહે છે -

**तेषां च सङ्गमो हि महते पुण्याय**
**किं पुनस्तदनुरूपा प्रतिपत्तिः ।**

*સંઘ એટલે એ*
*જેનો સંગ પણ મહાપુણ્યનું કારણ છે.*
*તો પછી સંઘનો સત્કાર કરવાથી જે પુણ્ય મળે*
*તેની તો શું વાત કરવી ?*

✻

# ☼ સંઘત્યાગ ☼

'સંઘ' મળવા છતાં જેઓ ફોરેન જતા રહે છે, સંઘ મળવા છતાં જેઓ દૂર એકાન્તમાં રહેવા જતા રહે છે. તેઓ અભાગિયા હોય છે. તેઓ ચિંતામણિને ઠોકર મારીને કાંકરાની લ્હાયમાં દોડી રહ્યા છે. અનંત પુણ્યથી સંઘનું સાન્નિધ્ય મળે, સંઘના સાન્નિધ્યમાત્રથી પણ અનંત પુણ્યની પ્રાપ્તિ થાય, તે કમનસીબ જીવોના ભાગ્યમાં આમાંથી એકે ય પુણ્ય હોતું નથી. **બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય, મગજ બહેર મારી જાય, કાળ રુઠ્યો હોય, ભવિતવ્યતા વાંકી હોય તો સંઘને છોડીને જવાનો વિચાર આવે. જે સમજુ હોય, વિવેકી હોય, એ આગાઢ કારણ સિવાય તદ્દન ન છૂટકા સિવાય કદી પણ આવું પગલું ભરે નહીં.** શ્રાદ્ધવિધિ ગ્રંથ કહે છે

**समानधर्माणो हि प्रायेण दुष्प्रापाः ।**

*સાધર્મિકોનો સંગ પ્રાયઃ દુર્લભ હોય છે.*

સંઘ છોડીને ફોરેન જનારને ત્યાં આ માહોલ મળવાનો ખરો ? સંઘ છોડીને ક્યાંય શહેરના છેવાડે જનારને આ ઊભરાતું જિનાલય, આ ધમધમતી પાઠશાળા, આ આયંબિલખાતાનો નઝારો, આ ગુરુવાણીના પૂર, આ શિબિરોની હારમાળાઓ, આ ઉત્સવોની વણઝારો, આ વિશિષ્ટ આરાધકોનું આલંબન, આ સુપાત્રદાનના લાભો, આ પરસ્પરની હૂંફ, આ ધર્મ-લાગણીઓ - આમાંથી કશું પણ મળવાનું ખરું ? **શું સંઘને છોડતી વખતે આ બધી ખબર નથી હોતી ? શું આ બધું સમજીને જ સંઘ નથી છોડાતો ? આ બધું નહીં મળે તો ચાલશે-આનો અર્થ શું એ નથી કે આ બધું જોઈતું જ નથી ? ને આ બધું જેને ન જોઈતું હોય, એને અનંતકાળે પણ આ બધું મળશે ખરું ?**

સંઘત્યાગ એ કદાચ સર્વોત્કૃષ્ટ પાપ બની રહેશે. દીકરો માનું માને નહીં, સાંભળે નહીં, સેવા ન કરે, એ મોટો દોષ કે દીકરો મા-ને છોડીને જતો રહે એ મોટો દોષ ? મા-નો ત્યાગ એ મા સાથેનું સૌથી મોટું

ગેરવર્તન છે. સંઘ-નો ત્યાગ એ સંઘ સાથેનું સૌથી મોટું ગેરવર્તન છે. શાસ્ત્રીય ભાષામાં આશાતના.

સ્થળાંતર એ આપણે જેટલું લાઈટલી લઈએ છીએ એટલું લાઈટ નથી. એક્ચ્યુલી એ બહુ બહુ હેવી છે. એનો વિચાર આવે એનું ય પ્રાયશ્ચિત્ત લેવું જોઈએ.

સમકિતી આત્મા માટે સંઘત્યાગનો સીધો અર્થ પરિવારત્યાગ છે. સમકિતી આત્મા માટે સંઘત્યાગનો સીધો અર્થ સર્વસ્વત્યાગ છે. સમકિતી આત્મા માટે સંઘત્યાગનો સીધો અર્થ શ્વાસત્યાગ છે. સમકિતી આત્મા માટે સંઘત્યાગનો સીધો અર્થ શરીરત્યાગ છે. સંઘ એ સમકિતીનું ફેમિલી છે. સંઘ એ સર્વસ્વ છે. સંઘ એ શ્વાસ છે. સંઘ એ શરીર છે, સંઘ એ જીવન છે, સંઘ એ આરોગ્ય છે, સંઘ એ સુખ છે. સંઘ એ સંપત્તિ છે. સંઘ એ ગ્રુપ છે, સંઘ એ સર્કલ છે, સંઘ એ અન્ન-જળ છે સંઘ એ પ્રાણવાયુ છે.

**દરિયામાં માછલાઓ રહે તો અથડાય પણ ખરા, કુટાય પણ ખરા, પરસ્પર અણબનાવ પણ થાય, પણ એ બધું મન પર લઈને કોઈ માછલું નક્કી કરે કે 'બસ, હવે મારે આ દરિયામાં નથી રહેવું. જે થવું હોય એ થાય. હવે મારે આ દરિયાની બહાર જતા રહેવું છે.' ને આ વિચારનો અમલ કરે તો શું થાય ? માછલાનું દરિયાની બહાર જવું ને આપણું સંઘની બહાર જવું એ બંને એક જ વસ્તુ છે.** એ ખટરાગથી જાઓ કે નવા મકાનો-નવા વાતાવરણના રાગથી જાઓ-એનું પરિણામ વિનાશ છે.

શ્રાદ્ધવિધિનું વચન ફરી ફરી યાદ આવે -

**तेषां च सङ्गमो हि महते पुण्याय**

**किं पुनस्तदनुरूपा प्रतिपत्तिः ?**

*સંઘનો સંગ પણ મહાપુણ્ય આપે*

*તો તેને અનુરૂપ સત્કારની તો શું વાત કરવી ?*

જ્યાં સંગ જ નથી ત્યાં સત્કારની શું શક્યતા રહેશે ? જેને મોજશોખ

માટે સંઘ નથી છોડવો, પણ એકાન્તપ્રિયતાની છોડવો છે, જે વિચારે છે કે 'હું મારી આરાધના કરી લઈશ.' એ વિચારે છે કે 'હું માર્કેટ વગર ધંધો કરી લઈશ.' આ રીતે ગમે તેટલો ધર્મ કરો. તમે ખૂબ પાછળ રહેશો. કારણ કે એવો કોઈ પણ ધર્મ નથી જે સંઘવાત્સલ્યની તોલે આવી શકે. તમે એક પ્રકારનો ધર્મ કરતા હો, એની બદલે તમે દશ જાતના ધર્મ કરો, તો ય તમે સંઘવાત્સલ્ય વિના શ્રેષ્ઠ આરાધના નહીં કરી શકો, કારણ કે બીજા બધા જ ધર્મોનો સરવાળો કરો, એટલું ફક્ત સંઘવાત્સલ્ય-ધર્મથી મળી શકે છે.

**एगत्थ सव्वधम्मा साहम्मियवच्छलं तु एगत्थ ।**
**बुद्धितुलाइ तुलिया दोन्नि वि तुल्लाइं भणियाइं ।।**

*બુદ્ધિના ત્રાજવાના એક પલ્લામાં*
*સર્વ ધર્મોને રાખી દો*
*ને બીજા પલ્લામાં ફક્ત સાધર્મિક-વાત્સલ્ય રાખો*
*તો બે ય પલ્લા સમાન રહેશે.*

હજી ઊંડાણમાં જઈએ-બીજા ધર્મોની આરાધના શ્રેષ્ઠતમ હોય-વિશુદ્ધ પ્રતિક્રમણ, ત્રિકાળ જિનપૂજા, અનેક સામાયિકો, એકાગ્રતા સાથેનો સ્વાધ્યાય, પણ સંઘ પ્રત્યે વાત્સલ્ય ન હોય, અરુચિ હોય, તો એ ધર્મ ધર્મ જ રહેતો નથી. એ અપેક્ષાએ જોઈએ, તો સંઘ-વાત્સલ્યનું પલ્લું નમી જાય છે. એના વગર બધું જ વ્યર્થ છે. એ એકલું ય હોય, તો ય સાર્થક અને સફળ છે.

**મોક્ષે જવું છે ? તો સંઘને વળગી પડો, સંઘ વગર મોક્ષ નથી. યા સંઘ યા સંસાર. યા સંઘ યા ભવભ્રમણ. યા સંઘ યા નરક. યા સંઘ યા નિગોદ. યા સંઘ યા સત્યાનાશ.**

સંઘવાત્સલ્ય કયા કયા પ્રકારે થઈ શકે. તે વિષે શ્રાદ્ધવિધિ ગ્રંથમાં બહુ સુંદર માર્ગદર્શન આપેલું છે.

✵

# ※ સંઘ સત્કાર ※

[ પ્રકાર - ૧ ]

**स्वपुत्रादि–जन्मोत्सवे विवाहेऽन्यस्मिन्नपि प्रकरणे**
**साधर्मिकाणां निमन्त्रणम्**
**विशिष्टभोजनताम्बूलवस्त्राऽऽभरणादिदानम् ।**

*પોતાના દીકરા વગેરેનો જન્મોત્સવ હોય,*
*લગ્ન હોય કે બીજો કોઈ પ્રસંગ હોય,*
*તેમાં સાધર્મિકોને બોલાવવા*
*અને વિશિષ્ટ ભોજન, તાંબૂલ, વસ્ત્ર, આભૂષણ વગેરે આપવું.*

જૈન એ જેના હૃદયમાં સાધર્મિક સેવાના ભાવો સતત રમ્યા કરતા હોય. જેને બહાનું જ જોઈતું હોય-સાધર્મિકભક્તિ કરવાનું. સંસારના પ્રસંગને પણ જે ધર્મપ્રસંગ બનાવી લે, સગાંઓના જમણવારમાં જેટલું સાધર્મિકો જમ્યા એટલું જ જેને સાર્થક લાગે એનું નામ જૈન.

**સંસાર પાછળ કરી કરીને - મરી મરીને આખી જિંદગી ઊંધા વળી જાઓ. તો ય એમાં આત્માનું કશું જ વળવાનું નથી. જેટલું સંઘ માટે કર્યું હશે, એટલું જ આત્માને કામ લાગશે. નિશ્ચય દૃષ્ટિએ આપણે મોટા ભાગે મોટા ભાગની જિંદગીમાં મૂરખા બનતા હોઈએ છીએ. મૂર્ખામી બધી જ હદ વટાવી જાય ત્યારે જે થોડું શાણપણ હોય એ મૂર્ખામી લાગે છે ને મૂર્ખામી એ શાણપણ લાગે છે.**

શ્રાવક એ જેની સંસારદૃષ્ટિ ખતમ થઈ ગઈ, શ્રાવક એ જેની શાસ્ત્રદૃષ્ટિ ઉઘડી ગઈ. શ્રાવક એ જેને સંસારની પ્રત્યેક પ્રવૃત્તિમાં પાણીનું વલોણું દેખાય. શ્રાવક એ જેને સંઘની પ્રત્યેક પ્રવૃત્તિમાં ધીકતી કમાણી દેખાય. શ્રાવક એ જેને સંસારની પ્રત્યેક પ્રવૃત્તિ સજા લાગે. શ્રાવક એ જેને સંઘની પ્રત્યેક પ્રવૃત્તિ મજા લાગે. એ શ્રાવક વગર પ્રસંગે ય સંઘની ભક્તિ કર્યા વિના રહી ન શકે, તો પ્રસંગે તો ક્યાંથી રહી શકે ?

ઘરમાં કોઈ પણ પ્રસંગ હોય, એમાં તમે જે સગાં-સંબંધી સિવાયના સાધર્મિકો હોય, એમને યથાશક્તિ-શક્તિ મુજબની સંખ્યામાં આમંત્રિત કરો એટલે એ પ્રસંગમાં મંગળ થાય છે. જન્મોત્સવ હોય તો એ પુત્ર સુપુત્ર થાય છે. એ દીર્ઘાયુષી અને આરોગ્યવાન બને છે. લગ્ન હોય તો ગૃહક્લેશ, ગૃહભંગની શક્યતા રહેતી નથી, વાસ્તુ હોય તો નવા ઘરમાં સુખ-શાંતિ પ્રવર્તે છે.

**મૂઢ જીવ જેમની સેવામાં પુણ્યનું ટીપું સુદ્ધા નથી મળવાનું, ફક્ત પુણ્ય ખર્ચાવાનું જ છે, એમની સરભરામાં અડધો અડધો થઈ જાય છે, ને જેની સેવામાં પુણ્યનો દરિયો મળવાનો છે, એમની વાત આવતા નાકનું ટેરવું ચડાવે છે. એમને શા માટે બોલાવવાના ? એમનું શા માટે કરવાનું ?**

જિનશાસનનું હાર્દ જેને મળી ગયું, એ તો એમ જ સમજે, કે એક હજાર વી.આઈ.પી. ઓ ને સગાં-સંબંધીઓ જમી જાય એ પ્રસંગની સફળતા નથી, પણ સંઘના પાંચ પણ સાધર્મિક જમી જાય એ પ્રસંગની ખરી સફળતા છે.

**[ પ્રકાર - ૨ ]**

**आपन्निमग्नानां च स्वधनव्ययेनाप्यभ्युद्धरणम् ।। श्राद्धविधि ।।**

*સાધર્મિક તકલીફમાં હોય*

*તો પોતાનું ધન ખર્ચીને પણ તેમને તકલીફમાંથી બહાર કાઢવા.*

તડકો ને છાયો એ જીવનનો ક્રમ છે. સાધર્મિકને પણ તકલીફ આવી શકે. એને નુકશાની થઈ જાય, એની નોકરી જતી રહે, એની દુકાનમાં કે ઘરમાં ચોરી થઈ જાય. ભાગીદારો દગો દે. અગ્નિ વગેરેના ઉપદ્રવથી એનો વૈભવ જતો રહે, એને તોફાની તત્ત્વો પજવતા હોય... વગેરે વગેરે કોઈ પણ તકલીફ હોય, તો શ્રાવક પોતાની સંપત્તિ અને સમય લગાવીને એમની તકલીફ દૂર ન કરે, ત્યાં સુધી એને ચેન ન પડે.

**સાધર્મિક તકલીફ જેને દીકરાની તકલીફ લાગે, પોતાની તકલીફ**

**લાગે એનું નામ જૈન. જ્યાં સુધી એની તકલીફ આપણને એની તકલીફ જ લાગે છે, ત્યાં સુધી આપણે જૈન નથી.**

એક સાધર્મિક છે. એનો એક પગ કપાઈ ગયો છે. એની પાસે મૂડી નથી, એની પાસે નોકરી નથી, એની પાસે મા-બાપની દવાના પૈસા નથી, એના ઘરે દૂધ આવતું નથી. એના ઘરે અઠવાડિયે એક વાર શાક બને છે. એ બહુ જ મુશ્કેલીથી જે તે કામ કરીને ગાડું ગબડાવવા ફાંફા મારે છે, તો ય ગાડું તો ગબડતું નથી.

આટલું જાણીને આપણી પ્રતિક્રિયા શું છે ? હાય.. હાય... બિચારા... કેવી તકલીફ છે... આટલી ફીલિંગ્સ... ૫૦૦... ૧૦૦૦... ૨૦૦૦ ની હેલ્પ... વાત પૂરી. બરાબર ને ?

હવે થોડાં આગળ વધો... એ સાધર્મિકમાં સગા દીકરાનો ચહેરો જુઓ - આપણે જોઈ રહ્યા છીએ કે એ આપણો સગો દીકરો છે. ખરેખર સગો દીકરો. હવે ? હવે આપણી પ્રતિક્રિયા ? આપણે સીધા કૂદી પડીએ છીએ. એની તાત્કાલિક જરૂરિયાતો, એની લાંબા ગાળાની જરૂરિયાતો, એની મૂડી, એની આવકનું સાધન, એના પરિવારની આવશ્યકતાઓ... બધું જ પૂરું ન કરીએ, ત્યાં સુધી આપણને શાંતિ થતી નથી.

**પારકો સમજીને કરાતી પ્રતિક્રિયા અને મારો સમજીને કરાતી પ્રતિક્રિયા-આ બેમાં કેટલો ફરક પડે છે ! લાખ રૂપિયાનો સવાલ એ છે કે 'પારકો' સમજીને કરાતી સાધર્મિક ભક્તિને સાધર્મિકભક્તિ કહી શકાય ખરી ? સાધર્મિકને પારકો સમજવો એ જ તો અભક્તિ છે. અભક્તિથી ભક્તિ શી રીતે થઈ શકે ?**

તમે કદાચ પ્રશ્ન કરો કે 'અમે કેટલા સાધર્મિકોને પુત્રવત્ સાચવી શકીએ ? એવા તો કેટલાંય સાધર્મિકો હોય !' હું કહું છું એક ને તો સાચવો. સંપન્ન જૈનો ફક્ત એક સાધર્મિકને દત્તક લઈ લે, તો કોઈ સાધર્મિકની કોઈ જરૂરિયાત જ નહીં રહે. એની આવકનું સાધન, એના

પરિવારનું સંસ્કરણ, એનો જ્ઞાન-વિકાસ, શારીરિક,-માનસિક-ધાર્મિક-સાંસ્કૃતિક-સામાજિક-બધી જ રીતે એનું યોગક્ષેમ- એનું દ્રવ્ય અને ભાવ વાત્સલ્ય-બસ, જે આપણે દીકરા માટે ઈચ્છીએ છીએ, એ બધું એ એક સાધર્મિક માટે ઈચ્છીએ એ ખરી ભક્તિ છે.

બાકી ૫૦૦-૧૦૦૦-૧૫૦૦ આપી દેવા માત્રથી શું વળે ? યથાશક્તિ એક સાધર્મિકને પણ દત્તક લેવાથી અઢી દ્વીપના ત્રણે કાળના સર્વ સંઘ-સભ્યોની ભક્તિનો લાભ મળે છે.

**સાધર્મિકને ૫૦૦ રૂા. વગેરે નાની પણ રકમ આપવી એમાં કશું ખોટું નથી, પણ જે અળગાપણાનો-પારકાપણાનો ભાવ છે, તે ખોટું છે, એની જરૂરિયાતો હજી ઊભી જ હોય, ને આપણે છતી શક્તિએ આટલું કરીને કૃતાર્થ થઈ જઈએ એ ખોટું છે. હા, આપણી વધુ શક્તિ ન હોય તો આપણે આત્મીય ભાવે આપેલી નાની પણ રકમ 'ભક્તિ' જ છે.**

**[ પ્રકાર - ૩ ]**

**अन्तरायदोषाच्च विभवक्षये पुनः पूर्वभूमिकाप्रापणम् ।**
**किं हि तस्य प्रौढिम्ना**
**यः समानसाधर्मिकान् समृद्धान् न कुरुते ?**

*અંતરાય-દોષથી જો તે આર્થિક રીતે ખલાસ થઈ ગયા હોય*
*તો એમને ફરી તેમની પહેલાની ભૂમિકાએ પહોંચાડવા.*
*ફોગટ છે એનું સામર્થ્ય*
*જે સાધર્મિકોને સમૃદ્ધ નથી કરી દેતો.*

આપણું બહુધા ચિત્ર દુઃખીઓને 'બિચારા' બનાવવાનું હોય છે. સાધર્મિકની નામોશી જ્યાં સુધી આપણને આપણી નામોશી નહીં લાગે અને સાધર્મિકનું ગૌરવ જ્યાં સુધી આપણને આપણું ગૌરવ ન લાગે, ત્યાં સુધી આપણે ખરી ભક્તિ નહીં કરી શકીએ. સાધર્મિક એટલે મારા ભગવાનના પરિવારનો સભ્ય. એ સીદાતો હોય, કુટાતો હોય, કકળતો

હોય કે કથળતો હોય એ તો હરગીઝ ન ચાલે, એ વેલસેટ જ હોવો જોઈએ – જ્યારે આવી ફીલિંગ્સ આપણામાં આવશે, ત્યારે આપણે ખરી ભક્તિ કરી શકશું.

**કરોડોની બેંક બેલેન્સ હોવા છતાં આપણે સાધર્મિકને કામ નહીં આવીએ તો આપણે ઈમ્બેલેન્સ થઈ જશું. સાધર્મિક ઝૂંપડામાં હોય તો આપણા બંગલા માટે આપણને શરમ આવવી જોઈએ. સાધર્મિક પાસે દવાના પૈસા ન હોય, તો આપણા દશ હજારના હોટલ બિલ માટે આપણે આપણને તમાચો મારવો જોઈએ. સાધર્મિક સહાયની શોધમાં ભટકતા હોય ને આપણને વર્લ્ડ ટુર કરવાના ઓરતા થાય તો આપણા માટે એ ઢાંકણીમાં પાણી લઈને ડુબી મરવા જેવી વાત છે. સાધર્મિકને કામ ન લાગ્યા એ પૈસા આપણા માટે પીડા બની રહેવાના છે.**

[ **પ્રકાર – ૪** ]

**धर्मे च विषीदतां तेषां तेन तेन प्रकारेण**
**धर्मे स्थैर्यारोपणम् ।**

*સાધર્મિકો ધર્મમાં સીદાતાં હોય*
*તો તે તે ઉપાયથી તેમને ધર્મમાં સ્થિર કરવા.*

એક અપેક્ષાએ દવા વગર મરતા કે ભૂખે મરતા માનવ કરતા પણ નિર્ધર્મ માનવ વધારે દયાપાત્ર છે. રૂપિયાની છોળો ઉછળતી હોય પણ ધર્મનું નામોનિશાન ન હોય તે સાધર્મિકો વધુ દયાપાત્ર છે.

શ્રીમંતોની કમનસીબી એ છે કે તેમના દાનધર્મથી તેમને એટલા 'મોટા' કરી દેવાયા છે કે તેઓને હવે ધર્મ સમજવાની પણ જરૂર અનુભવાતી નથી, ને જેમની પાસે દાનધર્મ પણ નથી એવા શ્રીમંતોને ધર્મસભામાં આવવાની પણ જરૂર અનુભવાતી નથી, પરિણામે આ બંને પ્રકારના શ્રીમંતો શુદ્ધ ધર્મથી વંચિત રહે છે.

**પૈસો દુર્જર હોય છે. એ દુઃપાચ્ય હોય છે. દુર્જર ખાદ્ય પદાર્થ**

**પેટ ખરાબ કરી દે છે. પૈસો મોટા ભાગે મગજ ખરાબ કરી દે છે. ભર્તૃહરિના શબ્દોમાં કહીએ તો મગજ આઉટ કરી દે છે... द्रविणमदनिःसञ्ज्ञमनसाम् ।**

એવો એકાન્ત તો ન હોઈ શકે, પણ મોટા ભાગે વધુ પડતો પૈસો પાત્રતા ઘટાડે છે, અહં વધારે છે ને આ રીતે શ્રીમંતો બેવડો માર ખાય છે. દુન્યવી તુચ્છ ધને એમને અમૂલ્ય આંતરધનથી કેવા વંચિત કરી દીધા છે તેનો એમને અંદાજ જ નથી હોતો.

આ હકીકત એમને પ્રેમથી સમજાવવી અને તેમને ધર્મમાર્ગે વાળવા એ પણ સાધર્મિકભક્તિ છે. મધ્યમવર્ગીય વગેરે પણ બધા જૈનો ધર્મ પામેલા નથી હોતા, તેમને ધર્મ પમાડવા યથોચિત પ્રયાસો કરવા એ પણ સાધર્મિક ભક્તિ છે. તેમને ધર્મ પમાડવો સરળ પણ હોય છે. તેમાં ય જેઓની દ્રવ્ય ભક્તિ થઈ રહી હોય, તેમની તો આ ધર્મદાનરૂપ ભાવભક્તિ થવી ખૂબ જ સરળ હોય છે. બીજા દર્શનવાળા એમનો ધર્મ પમાડવા માટે દ્રવ્ય ભક્તિ કરતા હોય છે, આપણે આટલી બધી દ્રવ્ય ભક્તિ કરતા હોવા છતાં ભાવભક્તિ ન કરીએ, એ પ્રત્યે લક્ષ જ ન આપીએ, એ ખરેખર ખૂબ જ અજુગતું છે. આગળ આ ભાવભક્તિના પ્રકારો પણ બતાવ્યા છે.

**[ પ્રકાર – ૫ ]**

**प्रमाद्यतां च स्मारणवारणनोदनप्रतिनोदनादिकरणम् ।।**

**– श्राद्धविधि ।।**

*જેઓ ધર્મ પામ્યા ખરા*
*પણ પછી પ્રમાદ કરવા લાગ્યા*
*તેમને સારણા-વારણા-ચોયણા-પ્રતિચોયણા વગેરે કરવું.*

શ્રાદ્ધદિનકૃત્યમાં આ પ્રકારને ભાવ-વાત્સલ્ય કહ્યું છે-

**साहम्मियाण वच्छल्लं, एयं अण्णं वियाहियं ।**
**धम्मट्ठाणेसु सीयंतं, सव्वभावेण चोयए ।।**

*સાધર્મિકોનું આ બીજું ભાવ-વાત્સલ્ય પણ*
*આગમમાં કહ્યું છે*
*કે તેઓ પૂજા વગેરે ધર્મકર્તવ્યોમાં પ્રમાદ કરતા હોય*
*તો સર્વપ્રયત્નથી તેમને પ્રેરણા કરવી.*

**सारणा वारणा चेव चोयणा पडिचोयणा ।**
**सावएणावि दायव्वा, सावयाणं हियट्ठया ।। श्राद्धदिनकृत्य ।।**

*શ્રાવકે પણ શ્રાવકોના હિત માટે,*
*સારણા, વારણા, ચોયણા અને પડિચોયણા કરવી જોઈએ.*

હા, એમાં એ ખાસ ધ્યાન રાખવું જોઈએ કે કોઈને મનદુઃખ ન થાય, તે માટે ખૂબ જ પ્રેમ અને સમ્માન સાથે ખૂબ અનુમોદના કર્યા પછી લાગણીપૂર્વક કહેવું જોઈએ.

**[ પ્રકાર - ૬ ]**

**तथा तेषां वाचनाप्रच्छनापरिवर्त्तनानुप्रेक्षाधर्मकथादिषु**
**यथायोगं विनियोजनम् ।**

*તથા સાધર્મિકોને વાચના-પૃચ્છના-પરિવર્તના-અનુપ્રેક્ષા-*
*ધર્મકથા વગેરેમાં યથાયોગ્ય રીતે*
*પ્રવર્તાવવા જોઈએ.*

આપણે ત્યાં એક વર્ગ એવો છે, જેમને સાધર્મિકોની કાંઈ પડી જ નથી, બીજો વર્ગ એવો છે, જે પૈસા, અનાજ વગેરે આપીને છૂટ્ટો થાય છે. પણ સાધર્મિક ખરા અર્થમાં જૈન બને, જ્ઞાની બને, પરિણત બને, આચારચુસ્ત બને, જિનશાસનનો અવિહડ રાગી બને આવી લાગણીવાળો અને આ દિશામાં યથાશક્તિ પ્રયાસ કરનારો વર્ગ શોધ્યો જડતો નથી. સાધર્મિકને જો સ્વાધ્યાયમાં જોડવામાં આવે તો આ શક્ય બની શકે. એમને કેવી રીતે સ્વાધ્યાયમાં જોડવા એના ઉપાયો આ મુજબ છે -

## ✻ ભાવવાત્સલ્ય ✻

### (૧) શિબિર FOR PARENTS

**રજાના દિવસે યુવા-સાધર્મિકોની one day શિબિર થઈ શકે, જેમાં તેમને ગુરુ ભગવંતોના કે તેમના અભાવે યોગ્ય પંડિતવર્યોના ૨ કે ૩ પ્રવચનો મળે. ધર્મની ઠોસ પ્રેરણાઓ મળે, તેમને બહુમાનપૂર્વક જમાડવામાં આવે, સરસ ધાર્મિક પુસ્તક આપવામાં આવે અને છેલ્લે કવર આપીને વિદાય આપવામાં આવે.**

આમ પણ લાખોના ખર્ચે સાધર્મિકભક્તિ થતી જ હોય છે, તો તે ખર્ચ આ રીતે કરવામાં આવે તો અનેક ગણો ઊગી નીકળે. જો જમણ શક્ય ન હોય, તો યોગ્ય સમય રાખી બે કે ત્રણ કલાક પ્રવચન પછી ફક્ત કવર પણ આપી શકાય.

### (૨) શિબિર FOR CHILDREN

વેકેશનમાં સાધર્મિકોના સંતાનોની નિવાસી શિબિર થઈ શકે. જેમાં તેમની સાત્ત્વિક ભોજનાદિથી ભક્તિ થાય. ગુરુ ભગવંતોની ૫/૬/૭ વાચના મળે. ભગવાનની જબરદસ્ત ભક્તિ થાય. સંસ્કારોનો પાયો મજબૂત થાય. ખૂબ પુણ્ય ઉપાર્જિત થાય. છેલ્લે બાળકો ખુશ થાય એવા ઈનામો આરાધના, સ્પર્ધા, પરીક્ષાપરિણામ - વગેરેને આધારે આપવામાં આવે. શક્ય હોય તો તેમને લેવા આવેલા મા-બાપોનું પણ બહુમાન કરવામાં આવે. આવી શિબિર એક દિવસથી માંડીને ૧૦/૧૫/૩૦ દિવસ સુધી અનુકૂળતાનુસાર થઈ શકે. આમાં તપાસ કરીને તે તે સાધર્મિકોના સંતાનોને જ આમંત્રણ આપ્યું હોવાથી પ્રચારની મહેનત ન કરવી પડે. નિયત સંખ્યામાં અને ઈષ્ટ સંખ્યામાં બાળકોને લઈ શકાય, બાળકોમાં આવેલા સંસ્કારો તે તે પરિવારોના વર્તમાન અને ભવિષ્યને બદલી દે. આમાં સાધર્મિકની દ્રવ્ય-ભાવ બંને ભક્તિ છે. શક્ય બને તો એટલિસ્ટ ૭ દિવસની શિબિર રખાય કારણ કે બાળકને બરાબર સેટ થતા ૨-૩ દિવસ લાગતા હોય છે. બાળકોની શિબિર સાધુ ભગવંતોની નિશ્રામાં અને

બાળિકાઓની શિબિર સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં થઈ શકે.

**આજે એવા પણ પુણ્યાત્માઓ છે જેઓ - ૫૦ ને ૬૦ વર્ષ પહેલાની એકાદ શિબિરથી જ સમગ્ર જીવન સુધરી ગયું અને કેટલા પાપોમાંથી બચીને ધર્મમાં જોડાઈ શક્યા - આવી સંવેદના અનુભવે છે અને કહે છે. સાધર્મિકભક્તિ આવી શિબિરના માધ્યમે થાય એ વર્તમાનકાળની અપેક્ષાએ એક સર્વોત્કૃષ્ટ ભક્તિ લેખી શકાય.**

## (૩) Study & Exams

વર્તમાનમાં અનેક ધાર્મિક અભ્યાસક્રમો અને તેની પરીક્ષાઓ ઉપલબ્ધ છે. તેમાંથી એક અભ્યાસક્રમ નક્કી કરીને સાધર્મિકોને તે જણાવી દેવાય. તેઓ સપરિવાર તે અભ્યાસ કરે અને તેની પરીક્ષાઓ આપે. તે અભ્યાસક્રમવાળી સંસ્થા પણ તેમનું બહુમાન કરે અને આપણે પણ વિશિષ્ટ બહુમાન કરીએ, **આ નીતિથી પાંચ વર્ષમાં તો તે પરિવાર જ્ઞાન, આરાધના, વિવેક વગેરે ગુણોમાં ખૂબ વિકાસ સાધે, ખૂબ પુણ્ય કમાય, આર્થિક રીતે સદ્ધર બનવા સાથે આત્મિક કલ્યાણ પણ પામે.**

## (૪) Competitions

જેમ કે આંગી સ્પર્ધા, ગાથા સ્પર્ધા, સ્તવન સ્પર્ધા, સજ્ઝાય સ્પર્ધા, સ્તુતિ સ્પર્ધા, પ્રવચન લેખન/ટ્રાન્સલેશન સ્પર્ધા, ડ્રામા સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા... વગેરે વગેરે બે-ત્રણ કલાકનું આયોજન થઈ શકે, જે વધુ સારી આંગી કરનાર, વધુ ગાથા વગેરે ગોખનાર વિજેતા બને. પાંચ-દશ ક્રમાંક અપાય, આશ્વાસન ઈનામ બધાને અપાય, આ રીતે સાધર્મિક પરિવારના જુદા જુદા Age-Group ને આમંત્રિત કરી સ્પર્ધા દ્વારા ધર્મમાં જોડી તેમની ભક્તિ કરી શકાય.

**આપણે ત્યાં એવા પણ બાળકો હોય છે, જેઓ એક દિવસમાં સો ગાથા ગોખી શકે, આવી સ્પર્ધાઓથી તેમની પણ તેમની શક્તિનો પરિચય થાય અને તેઓ પોતે જ ધર્મમાં જોડાવા પ્રેરિત થાય.**

## (૫) ગ્રંથ લેખન

આપણે સાધર્મિકોને કોઈ સારું ધાર્મિક પુસ્તક કે પ્રાચીન શાસ્ત્રના સરળ અનુવાદનું પુસ્તક લખવા આપીએ. તે લખીને લાવે એટલે એમનું બહુમાન કરાય. આપણી અનુકૂળતાનુસાર સાપ્તાહિકથી માંડીને વાર્ષિક સુધીનું આયોજન થઈ શકે. જેટલા દિવસ વધુ એટલો મોટો ગ્રંથ આપવો જોઈએ. આહારવિધિ કે સુપાત્રદાનવિધિના ૧૫-૨૦ પાનાના પુસ્તકથી માંડીને શ્રાદ્ધવિધિ ભાષાંતર જેવા ૨૦૦-૩૦૦ પાનાના પુસ્તકો જેવા અનેક ઓપ્શન્સ હોય છે.

**ગ્રંથ લેખનથી શ્રુતભક્તિ થાય છે. એક વાર લખવાથી દશ વાર વાંચવા જેટલો ફાયદો થાય છે. બેઝિક જૈનત્વથી માંડીને શાસ્ત્રીય પદાર્થો અસ્થિમજ્જા થાય છે, સાધર્મિકનું ગુણાત્મક સ્તર અનેકગણું ઊંચું આવે છે. બીજા કોઈ પણ ધર્મયોગો કરતા સ્વાધ્યાયમાં વધુ કર્મનિર્જરા થાય છે. તેથી સાધર્મિકના અંતરાયો તૂટે છે અને તે આર્થિક રીતે પણ સદ્ધર થાય છે.**

આ પદ્ધતિમાં આયોજન-વ્યવસ્થા-વહીવટની જરૂર નથી રહેતી. ફક્ત એક દિવસ ગ્રંથ આપવામાં આવે અને નિશ્ચિત દિવસે તે ગ્રંથ + નૂતનલિખિત ગ્રંથ પાછા લઈને બહુમાન કરવામાં આવે - આટલું જ કરવાનું છે. જો અનુકૂળતા હોય તો બહુમાન સાથે નવો ગ્રંથ લખવા આપી ગ્રંથલેખનની ધારા ચાલુ રાખી શકાય.

**ગ્રંથ વિકલ્પો : નાના ગ્રંથો** - ❖ જૈન ફુડ રેડી રેકનર

❖ જયણા પોથી
❖ જિનશાસનનો રસાસ્વાદ (ગુ.હિં.)
❖ જૈનીઝમ (ગુ. હિં.)
❖ પાલીતાણા આવો ત્યારે
❖ સુપાત્રદાન વિવેક
❖ રાતે ખાતા પહેલાં
❖ હેપી પર્યુષણ
❖ તપ

**મધ્યમ ગ્રંથો** - ❖ જેલર

❖ આ છે સંસાર
❖ લખી રાખો આરસની તકતી પર
❖ સંયમ કબ હી મિલે
❖ ધ્યાન યોગ
❖ ડ્રીમ જિનશાસન

**મોટા ગ્રંથો** - ❖ **સમરાદિત્યકથા** ❖ **શ્રાદ્ધવિધિ ભાષાંતર** ❖ **શ્રાદ્ધગુણવિવરણ ભાષાંતર** ❖ **સ્વપ્ન જિનશાસન** ❖ **શ્રાદ્ધદિનકૃત્ય ભાષાંતર** ❖ **ચાલો જિનાલયે જઈએ** ❖ **રિસર્ચ ઓફ ડાઈનિંગ ટેબલ**

આ સિવાય પણ ગુરુ ભગવંતોના માર્ગદર્શન અનુસાર ગ્રંથ-પસંદગી કરી શકાય.

## (૬) નિત્યનોંધ

સિલેક્ટેડ સાધર્મિકોને નિત્યનોંધ આપવામાં આવે. જેમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપની આરાધનાના મુદ્દા અને તે તે દિવસના ખાના હોય. જેમકે -

| સમ્યગ્દર્શન | પોઈંટ | તા. ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રભુદર્શન | ૧૦ | | | | | | | | | | |
| પ્રભુ પૂજા | ૨૦ | | | | | | | | | | |
| અષ્ટપ્રકારી પૂજા | ૩૦ | | | | | | | | | | |
| ચૈત્યવંદન | ૩૦ | | | | | | | | | | |
| આંગી | ૧૦૦ | | | | | | | | | | |
| પ્રદક્ષિણા | ૧૦ | | | | | | | | | | |
| સુપાત્રદાન | ૧૦૦ | | | | | | | | | | |
| ગુરુ વંદન | ૩૦ | | | | | | | | | | |
| દેરાસરમાં કાજો | ૫૦ | | | | | | | | | | |
| ઉપાશ્રયમાં કાજો | ૫૦ | | | | | | | | | | |
| સંઘ સેવા | ૧૦૦ | | | | | | | | | | |

| સમ્યક્જ્ઞાન | પોઈંટ | તા.૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નવી ગાથા | દરેક ગાથાના ૨૫ | | | | | | | | | | |
| ગાથા રિવિઝન | દરેક ગાથાના ૫ | | | | | | | | | | |
| નવું સ્તવન | ૨૫ | | | | | | | | | | |
| નવી સ્તુતિ | ૫ | | | | | | | | | | |
| નવી સજઝાય | ૨૫ | | | | | | | | | | |
| તત્ત્વજ્ઞાન | કલાકના ૧૦૦ | | | | | | | | | | |
| જ્ઞાનના ૫ ખમાસમણા | ૫ | | | | | | | | | | |
| પ્રવચન શ્રવણ | ૧૦૦ | | | | | | | | | | |
| ગુરુવિનય | ૨૫ | | | | | | | | | | |
| ધાર્મિક પુસ્તક વાંચન | કલાકના ૧૦૦ | | | | | | | | | | |

| સમ્યક્ ચારિત્ર | પોઈંટ | તા.૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ વ્રત સ્વીકાર | ૧૦૦૦ | | | | | | | | | | |
| સામાયિક | દરેકના ૧૦૦ | | | | | | | | | | |
| પ્રતિક્રમણ | દરેકના ૧૦૦ | | | | | | | | | | |
| પંખો/એસી/કુલર ત્યાગ | ૧૦૦ | | | | | | | | | | |
| ટી.વી./મોબાઈલ ત્યાગ | કલાકના ૨૫ | | | | | | | | | | |
| છાપા-મેગેઝીન ત્યાગ | દિવસ-રાતના ૧૦૦ | | | | | | | | | | |
| મૌન | કલાકના ૫૦ | | | | | | | | | | |
| પૌષધ | ૧૦૦૦ | | | | | | | | | | |

| સમ્યક્ તપ | પોઈંટ | તા.૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નવકારશી | ૧૦ | | | | | | | | | | |
| ચોવિયાર | ૧૦૦ | | | | | | | | | | |
| પોરસિ | ૨૦ | | | | | | | | | | |
| સાઢ પોરસિ | ૩૦ | | | | | | | | | | |
| પરિમઢ્ઢ | ૪૦ | | | | | | | | | | |
| બિયાસણું | ૨૦૦ | | | | | | | | | | |

| સમ્યક્ તપ | પોઈંટ | તા.૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એકાસણું | ૩૦૦ | | | | | | | | | | |
| આયંબિલ | ૪૦૦ | | | | | | | | | | |
| ઉપવાસ | ૫૦૦ | | | | | | | | | | |
| છટ્ઠ | ૮૦૦ | | | | | | | | | | |
| અટ્ઠમ | ૧૦૦૦ | | | | | | | | | | |
| અભક્ષ્યત્યાગ | ૧ દિવસના ૧૦૦ | | | | | | | | | | |

આવા બીજા પણ મુદ્દાઓ ગુરુભગવંતોના માર્ગદર્શન અનુસાર લઈ શકાય. આ નોંધપત્રક અનુકૂળતાનુસાર સાપ્તાહિકથી માંડીને વાર્ષિક થઈ શકે. તેમાં પરિવારના વડીલની ડેઈલી સહીનું ખાનું પણ રાખી શકાય. નિયત દિવસે કુલ પોઈન્ટ્સ અનુસાર બહુમાન કરી શકાય. **જ્યારે આપણે એક પરિવારને પણ આ રીતે આરાધનામગ્ન બનાવીએ છીએ, ત્યારે જિનશાસનનું આયુષ્ય ૫૦ વર્ષ જેટલું વધારી દઈએ છીએ. આ નિત્યનોંધ કોન્સેપ્ટમાં સાધર્મિકની તો દ્રવ્ય-ભાવભક્તિ છે જ, શાસનની પણ બહુ ઊંચી સેવા છે.**

**(૭) ગુરુકુલવાસ**

જિનશાસનની સર્વોત્કૃષ્ટ શ્રમણ-આરાધના ગુરુકુલવાસ છે એવું ૧૪૪૪ ગ્રંથ કર્તા પૂ. હરિભદ્રસૂરિ મહારાજા કહે છે. શ્રેષ્ઠ શ્રાવકપણાની પ્રાપ્તિ ગુરુકુળવાસ દ્વારા સરળતાથી થઈ શકે છે. આપણે જ્ઞાની સંયમી મહાત્માઓના વિકલ્પો આપીએ અને સાધર્મિક પોતાના સંતાનોને તેમની પાસે જેટલા દિવસ રાખે તે દિવસ દીઠ તેમનું બહુમાન થઈ શકે. આ એક શિબિર કરતા પણ મોટું કાર્ય છે, જે વગર આયોજને થઈ શકે છે. ફક્ત બહુમાન કરવાનું રહે.

**જો તે સંતાનની પાત્રતા હોય અને સાધર્મિકની અનુજ્ઞા હોય તો આગળ વધીને તે સંતાન દીક્ષા પણ લઈ શકે અને સર્વોત્કૃષ્ટ-સર્વવિરતિ ધર્મની આરાધના કરી શકે. કમ સે કમ એ સારો શ્રાવક તો બને જ, આ રીતે આ કોન્સેપ્ટ ખૂબ લાભદાયક બની શકે.**

## (૮) સચેતન સંઘકાર્ય

જે સાધર્મિકો સક્ષમ હોવા છતાં રોજગારના અભાવે જરૂરિયાતવાળા થયા હોય, તેમને પ્રાસંગિક સંઘકાર્ય આપીને કામના વળતરરૂપે બહુમાન આપી શકાય. જેમકે -

(૧) જ્ઞાનભંડાર-નિર્માણ /નિર્વાહ, પૂંઠા ચડાવવા, રબર સ્ટેમ્પ, લિસ્ટિંગ, પ્રમાર્જન વગેરે...

(૨) જિનાલય શુદ્ધિકરણ-જેમાં સ્થાનિક કે બહારના જિનાલયોનું શુદ્ધિકરણ કરાવી શકાય.

(૩) તીર્થ શુદ્ધિકરણ

(૪) જિનવાણી પ્રસાર આયોજન, જેમાં ધાર્મિક પુસ્તકોના વેંચાણો, પુસ્તક મેળામાં સ્ટોલ પર વેંચાણ વગેરે કાર્ય આપી શકાય.

(૫) **સંઘમાં ચરવળો-મુહપત્તિ-કટાસણું-દંડાસણ વગેરે કોમન ઉપકરણો હોય છે. જે જતે સમયે મેલા થયા હોય છે. ચરવળો, દંડાસણ, પૂંજણી-ની બાંધણી શીખવી બહુ સહેલી હોય છે. સાધર્મિકોને તે શીખવીને ઉપકરણોનો જયણાપુર્વક કાપ કાઢતા (ધોતા) શીખવાય અને સ્થાનિક તથા બીજા પણ સંઘોમાં ઉપકરણશુદ્ધિ કરાવાય તો તેમને પણ મહાન લાભ મળે અને ઉપકરણોની આશાતના પણ ન થાય.**

(૬) પાત્રાના રંગ કાઢી નવા રંગવા, ઓઘાનું નિર્માણ કરવું વગેરે અઢળક કાર્યો સાધ્વીજી ભગવંતો કરતા હોય છે. જો એ બધું સાધર્મિકોને શીખવવામાં આવે તો એમને કામ મળે, ઉચ્ચ પુણ્ય પણ મળે અને સાધ્વીજી ભગવંતો વધુ સ્વાધ્યાય કરી શકે.

(૭) **સાધર્મિકોને વોલ-પેઈન્ટીંગ દ્વારા જિનવાણીનું આલેખન શીખવવામાં આવે. તેઓ ભગવાન મહાવીરના નામે સરસ ઉપદેશ વાક્યો દેરાસર-ઉપાશ્રયની બહારની દીવાલો પર અને બીજી પણ જાહેર દીવાલો પર જિનવાણી આલેખે. પરિણામે લાખો**

**લોકો સુધી પ્રભુની વાણી પહોંચે. વાક્ય દીઠ સાધર્મિકનું બહુમાન કરવામાં આવે. (ઉપદેશવાક્યો માટે પુસ્તક-જ્ઞાન સ્વામિવાત્સલ્ય)**

(૮) ચોક્કસ સંઘની પાઠશાળામાં બાળકોની સંખ્યા ૨૫ ગણી કરી દેવા માટે સાધર્મિકોને ટ્રેઈનિંગ અપાય. જેમાં ઘરે ઘરે જઈને સરસ સ્કીમ સમજાવીને ઈનામો વિષેની સમજણ આપીને, વાર્તા-જોક્સ વગેરે કહીને, વેલકમ ગિફ્ટ આપીને બાળકોને પાઠશાળા આવતા કરવામાં આવે અને સ્થિર કરી દેવામાં આવે.

(૯) ઉપરોક્ત રીતે પ્રવચનશ્રોતા, શિબિરશ્રોતા, ઉપધાનાદિઆરાધક વગેરેની સંખ્યામાં ચોક્કસ ગુણાકારો કરવાની પણ તાલીમ આપીને તેવું કાર્ય આપી શકાય. જે કાર્ય બેનર વગેરેથી ન થઈ શકે, તે કાર્ય આ રીતે થઈ શકે છે. (ઉપધાન આયોજક ૩૦૦ બેનર છાપે, લગાડાવે ને સંખ્યા ૧૦૦, ૨૦૦ ની જ થાય આવું બનતું હોય છે.)

(૧૦) સ્વામિવાત્સલ્ય વગેરેમાં ગમે તેવી જાતિના ગમે તેવા લોકો પીરસે, તેની બદલે સાધર્મિકોને પીરસવાનું કાર્ય આપી શકાય.

**એક બાજુ Man-power ના અભાવે સંઘશાસનના અનેક કાર્યો સીદાય છે, બીજી બાજુ ઘણા સાધર્મિકો રોજગારના અભાવે સીદાય છે. એ બંને વચ્ચે જોડાણ કરી દેવામાં આવે તો સાધર્મિકોનો દ્રવ્ય-ભાવ ઉદ્ધાર થાય અને સંઘ-શાસનના અઢળક કાર્યો પણ સાકાર થઈ શકે.** સમસ્ત મહાજન જેવી સંસ્થાએ સંખ્યાબંધ સાધર્મિકોને દત્તક લઈ લીધા છે. તો તેઓ તેમની પાસે ઘણા કાર્યો કરાવી શકે છે. સાધર્મિકોનું પણ કામ થાય છે, અને સંસ્થા પણ સફળતાઓ મેળવે છે. આ રીતે દરેક સંઘ/સંસ્થા કાયમી કે કામચલાઉ ધોરણે સાધર્મિકોને કાર્ય આપી શકે.

## (૯) OPEN BOOK EXAM

જેના આયોજનો નિયમિત થતા જ હોય છે. આપણે એમાંથી એક પરીક્ષા પસંદ કરીએ અને નિયત સાધર્મિકોને તેનું પુસ્તક અને પ્રશ્નપત્ર

આપીએ. તેમના ગુણાંક અનુસાર તે પરીક્ષા લેનાર સંસ્થા પણ બહુમાન કરે ને આપણે પણ વિશિષ્ટ બહુમાન કરીએ.

## (૧૦) TARGET સૂત્ર

સાધર્મિકના પરિવારને સૂત્ર-લક્ષ્ય આપવામાં આવે એક વર્ષમાં બે પ્રતિક્રમણ સૂત્રો અર્થ સહિત કરે તો સભ્ય દીઠ આટલું બહુમાન, પાંચ પ્રતિક્રમણ સૂત્રો અર્થ સહિત કરે તો આટલુ બહુમાન, ૪ પ્રકરણ કરે તો આટલું, ૩ ભાષ્ય કરે તો આટલું, ૧ કર્મગ્રંથ કરે તો આટલું, વૈરાગ્યશતકાદિ કરે તો આટલું-વગેરે સ્કીમ દ્વારા પરિવારને સમ્યક્ જ્ઞાનસાધનામાં આગળ વધારી શકાય. (આ બાબતમાં મુંબઈ-ભાયંદરની ઉપાસનામંદિર પાઠશાળાની નીતિ ઉપયોગી થાય એવી છે. 'સ્વપ્ન જિનશાસન' માં ચેપ્ટર-૧૨ માં આ પાઠશાળા વિષેનો લેખ છે.)

**ખાસ વાત**

**ઉપરોક્ત બધી જ બાબતો જે સાધર્મિકો સમર્થ હોય એમના માટે છે. જેઓ અતિ વૃદ્ધ કે અતિ બીમાર હોય, તેમના માટે આવી સ્કીમના બદલે નવકાર લેખનની સ્કીમ કે નવકાર જાપની સ્કીમ રખાય, જેમના માટે તે પણ શક્ય ન હોય તેમની કોઈ પણ સ્કીમ વગર પણ ભક્તિ કરવી જોઈએ.**

## (૧૧) સંસ્કૃત પાઠશાળા

આપણે ત્યાં અનેક સંસ્કૃત પાઠશાળાઓ ચાલે છે, જે વર્તમાનમાં મરણિયો જંગ ખેલીને પણ જીવંત રહેવા પ્રયાસ કરે છે. આ પાઠશાળાઓ ખૂબ સારા ઉદ્દેશ્યથી ખૂબ સારી વ્યવસ્થાઓ સાથે ચાલી રહી છે અને અઢળક ખર્ચ કરી રહી છે, પણ સારા વિદ્યાર્થીઓ ન મળવાથી તેની ઘણી બધી મહેનત વ્યર્થ જતી હોય છે.

તેવી સંસ્થા નબળા ૫૦/૧૦૦/૨૦૦ વિદ્યાર્થીઓ, જે મૂળભૂત જૈન પણ ન હોય ને સ્કુલે સુદ્ધા જતા હોય કે ન જતા હોય - **તેમની પાછળ મહેનત કરવાના બદલે પાંચ-દશ પણ ખૂબ જ પાણીદાર હોય**

**તેવા પાંચથી આઠ વર્ષના સાધર્મિક-સંતાનો હોય, એમની પાછળ દશ વર્ષ મહેનત કરે તો તેઓ આખા વિશ્વમાં જિનશાસનનો ડંકો વગાડી શકે. વિદેશમાં પણ ધર્મપ્રચાર કરી શકે ને ભારતભરમાં પ્રત્યેક પ્રદેશમાં ધર્મને દેદીપ્યમાન બનાવી શકે.**

પાઠશાળાઓ લાખો-કરોડો રૂપિયા ખરચતી જ હોય છે, તે આવા આપણા જ તેજસ્વી બાળકો પાછળ ખરચવામાં આવે તો બધું જ ઊગી નીકળે. આ માટે નિવાસી પાઠશાળાનો ય આગ્રહ ન હોય. યોગ્ય સ્થળે બે થી ચાર કલાક પૂરતી પાઠશાળા પણ ચાલે, પણ વરસનું કામ દિવસમાં થતું હોય, સોલિડ અભ્યાસક્રમ હોય, રેગ્યુલર પરીક્ષાઓ હોય, સારું એવું હોમવર્ક અપાતું હોય, આચાર-અધ્યાત્મ-વૈરાગ્ય-દ્રવ્યાનુયોગ-ધ્યાન કોઈ વિષય બાકી રાખ્યો ન હોય, સેંકડો શાસ્ત્રોનો નક્કર બોધ આપી દીધો હોય, શાસનરાગ અવ્વલ કક્ષાનો અપાયો હોય, વિનય-વિવેક-નમ્રતા નિઃસ્પૃહતા વગેરેમાં પણ અદ્ભુત લેવલ સધાયું હોય, **એવા ગુણસમૃદ્ધ જ્ઞાની શ્રાવકો સમ્માન સાથે અઢળક આર્થિક સમૃદ્ધિ તો મેળવશે જ, આજે શાસનમાં જેમની ખોટ સાલે છે ને જેમના અભાવે અનેક લાભોથી વંચિત રહેવું પડે છે, ને નુકશાન ખમવું પડે છે - તેમની ખોટ પણ પૂરી થશે.**

**સાર** - રહેવાનું, જમવાનું, સ્કુલનું ભણતર-કોમ્પ્યુટર-કરાટે-સ્કેટિંગ વગેરે બધી જવાબદારીઓ છોડીને આ રીતે ફક્ત બે થી ચાર કલાકની સાધર્મિકોના તેજસ્વી સંતાનો માટેની પાઠશાળા હોય ને તેમાં તે તે પરીક્ષાના પરિણામમાં ખૂબ મોટા ઈનામો અપાતા હોય, તેનું રિઝલ્ટ અનેકગણું અને ચમત્કારિક મળી શકશે.

(હકીકતમાં ઉપરોક્ત ઉપાયોમાં પણ દ્રવ્યવાત્સલ્ય હતું જ, હવે કહેવાય છે તેમાં પણ ભાવનાવાત્સલ્ય છે જ, છતાં પ્રધાન-ગૌણભાવથી આ રીતે નિર્દેશ કરેલ છે.)

## ❊ દ્રવ્યવાત્સલ્ય ❊

### (૧) EMPLOYMENT

દરેક સંઘમાં એક એવું સ્થાન હોવું જોઈએ જે જૈન-રોજગાર કેન્દ્ર બને. કોઈ પણ જૈનને ઓફિસ વગેરેમાં ક્યાંય પણ વેકેન્સી હોય, તો એ તે કેન્દ્રમાં સંપર્ક કરી કેવી વ્યક્તિની જરૂર છે તે નોંધાવે. તથા જે જૈનોને જોબની જરૂર હોય તેઓ પોતાની માહિતી તે કેન્દ્રમાં નોંધાવે. **આ રીતે જૈનની જ પસંદગી થાય અને કાર્યના વળતરરૂપે સમ્માનપૂર્ણ આજીવિકા મેળવી શકાય.**

જો સંઘ દીઠ આવું આયોજન શક્ય ન બને તો તે ગામ/શહેર દીઠ પણ આવું આયોજન કરી શકાય. કેટલાંક શ્રાવકો/સંસ્થાઓ આ પ્રકારનું કાર્ય કરે પણ છે. તેમનો અનુભવ જાણીને કાર્ય શરૂ થઈ શકે.

### (૨) BUSINESS

સાધર્મિક આત્મનિર્ભર થાય અને ધર્મી થાય એવા પ્રયાસ કરવા એ ઉચ્ચ સાધર્મિક ભક્તિ છે. જ્યારે આવકોના મોટા ભાગના સાધનો પડી ભાંગ્યા હોય, નોકરીમાં યા પગારો તૂટતા હોય ને યા નોકરી જ છૂટી જતી હોય, નવી નોકરીની તકો ન હોય, ને સાધર્મિકને યા આપઘાત કરવો પડે ને યા ભીખ માંગ્યા કરવી પડે એવી સ્થિતિ હોય, તો ખૂબ ગંભીરપણે વિચાર કરીને આ સ્થિતિમાંતી એમને બહાર કાઢી સ્ટેબલ બનાવવા જરૂરી બને.

ઉદાહરણ તરીકે જોઈએ તો - હાલ એક શ્રાવક વાત કરી ગયા - ‘‘વગર મૂડીએ સ્વનિર્ભર સારો ચાલી શકે એવો ધંધો અત્યારે ખાદ્ય પદાર્થોનો ગણાય છે. ગરમ કે સુકા નાસ્તા - જે જીવનજરૂરી આઈટમ ગણાય - તેના ઘરાકો સાધર્મિકને પૂરતા પ્રમાણમાં મળી રહેવાના છે. આ વસ્તુઓને ભગવાનની આજ્ઞામુજબ બનાવતા શીખવીને તદ્દન નાના પાયે સાધર્મિક જીવિકા શરૂ કરે, તો આગળ વધી એ દાન આપતો

થઈ જાય. તાજેતરમાં મુંબઈમાં ઘાટકોપરમાં એક ગરમ નાસ્તાવાળા (ઢોસાવાળા)ને ત્યાં ઈન્કમટેક્સની રેડ પડી, ઈન્કમટેક્સવાળા રૂપિયા ગણી ગણીને થાકી ગયા. એ માણસના મુંબઈમાં ૨૦-૨૨ ફ્લેટ છે, ક્યાં રૂપિયા મુકવા એની એને ચિંતા હતી. આવા કામમાં કદાચ શરૂમાં થોડો સમય જાતમહેનત કરવી પડે. પછી સ્ટાફ દ્વારા કાર્ય થઈ શકે. પોતે દેખરેખ રાખીને જયણા પળાવી શકે.'' **જ્યારે દરેક ધંધા પાપવાળા થઈ ગયા છે અને મોટા મોટા પાપવાળા ધંધા ય બેધડક થતા હોય છે. ને બીજી બાજુ બીજાના ઘરોમાં વાસણ માંજવા સુધીના ને રિક્ષા ચલાવવા સુધીના કામો સાધર્મિકો કરતા હોય, ત્રીજી બાજુ સાધર્મિકો આપઘાત કરતા હોય, ત્રણ સાંધે ને તેર તૂટે જેવા સંસારની ધક્કાગાડી ચલાવતા હોય ને ભીખ માંગવા સુધી મજબૂર બન્યા હોય ત્યારે જયણાપૂર્વકની આવી કોઈ દિશા અલ્પ સાવદ્ય તથાવિધ પાપરહિત અને સદ્ધર કરી દેનારી બની શકે છે.** ગૃહ ઉદ્યોગોમાં પ્રાયઃ જેટલું ઉત્પાદન થાય તે બધું ખપી જતું હોય છે, ને માંગને પહોંચી વળાતું નથી.

આ ફક્ત એક ઉદાહરણ છે. આ રીતે અન્ય પણ તૈયાર બજારવાળા, અલ્પસાવદ્ય ગૃહ ઉદ્યોગો વગેરે હોઈ શકે છે. જેમાં ફક્ત યોગ્ય માર્ગદર્શનની જરૂર હોય, બહુ બહુ તો થોડી વગર વ્યાજની લોનની જરૂર હોય.

આ વિષયોમાં શાસનપ્રેમી શ્રાવકો તે તે લાઈનની પૂરી તપાસ કરીને યોગ્ય માર્ગદર્શન તૈયાર કરીને સર્વ સાધર્મિકો સુધી પહોંચાડવું જોઈએ, તેમની મુંઝવણો-શંકાઓના સમાધાનો આપવા જોઈએ અને આ રીતે છ-બાર મહિનામાં તો સાધર્મિકને બેઠાં કરી દેવા જોઈએ.

**જ્યાં સુધી એક પણ શ્રાવક દુઃખી છે, યા એ માંગણ છે યા એ મુંઝવણમાં છે, ત્યાં સુધી આપણા માટે કલંક છે, આ અસહ્ય સ્થિતિ છે, આ અકળાવનારી ને ગૂંગળાવનારી પરિસ્થિતિ છે. એ શ્રાવકનું શું થશે એ તો પછીનો પ્રશ્ન છે, પહેલા તો એની આવી પરિસ્થિતિમાં આપણું જ ખાવું-સૂવું હરામ થઈ જવું જોઈએ, ને જો આપણે મજેથી ખાઈ શકીએ**

**છીએ ને ઘસઘસાટ સૂઈ શકીએ છીએ, તો આપણું શું થશે એ જ મોટો પ્રશ્ન છે.**

## (૩) MEDICAL

આજના સમયનો આ યક્ષપ્રશ્ન છે, જે નાના માણસને જીવતો ભરખી જાય છે. આ બાબતમાં મને એક શ્રાવકે વાત કરેલ –

‘‘મા અમૃતમયી કાર્ડ દ્વારા સરકાર આર્થિક રીતે નબળી વ્યક્તિને જે મેડિકલ સહાય કરે છે, તે આપણે કરી શકવાના નથી. એને ચેક-અપ માટે હોસ્પિટલ જવું પડે, તો ૩૦૦ રૂ. રિક્ષા ભાડું મળે. એ એડમિટ થાય, એનું ઓપરેશન થાય, વગેરે વગેરે બધો ખર્ચો સરકારનો. આપણે સાધર્મિકોને એનું માર્ગદર્શન આપવું જોઈએ.’’

**મોટા ભાગે જરૂરિયાતવાળાઓને આ બધી ખબર નથી હોતી. કોઈને ખબર પડે, તો પણ કાર્ડ મેળવવાનો પ્રયાસ ન કરે, કોઈ પ્રયાસ કરે તો એને પૂરી પ્રક્રિયા ન આવડે, કોઈને પ્રક્રિયા આવડે, તો એ ક્યાંક ભ્રષ્ટાચાર સામે પાછો પડે, આ બધી સ્થિતિમાં આપણું એક કેન્દ્ર એવું હોવું જોઈએ જે આખો રૂટ સમજીને સાધર્મિકને તે કાર્ડ જ લઈ આપે. વાત પૂરી. સાધર્મિકની બધી ચિંતા પૂરી.**

તે તે વ્યક્તિને યોગ્ય ચિકિત્સાપદ્ધતિ, યોગ્ય ચિકિત્સાકેન્દ્ર, પ્રવર્તમાન જૈન/અજૈન સેવા-સ્રોતો, રાહત દરના દવા-સ્રોતો વગેરેની જાણકારી આપવી એ પણ મોટી સેવા બની રહે. આ અને આવા બીજા પણ નક્કર ઉપાયો દ્વારા સાધર્મિકને નિશ્ચિંત કરી દેવા જોઈએ.

## (૪) EDUCATION

આ પણ એક યક્ષપ્રશ્ન છે. જેની અંદર લાખો રૂપિયા લાગી જાય છે ને પછી પણ કાંઈ વળતું નથી. **જ્યાં ખાવાની જ તકલીફ છે, ત્યાં લાખોનું એજ્યુકેશન કઈ રીતે અપાવવું એનો કોઈ જવાબ કોઈ સાધર્મિક પાસે હોતો નથી.** ઘણી વાર એવું બને કે ખાધા-ખોરાકી તો નીકળી

જતી હોય, પણ સંતાનોને શિક્ષણ અપાવવા માટે સાધર્મિક માંગણ બનવું પડતું હોય યા ટેન્શનમાં ડુબવું પડતું હોય.

આ સ્થિતિના સરળ ઉપાય તરીકે હાલ એક જાણકાર શ્રાવકે સારી માહિતી આપી છે. જે આ મુજબ છે.

## N. I. O. S.

- એન.આઈ.ઓ.એસ.એચ આરડી મંત્રાલય માટે સીબીએસસીની સમકક્ષ છે જે શાળા અને કોલેજોમાં સમાન મૂલ્ય સ્વીકૃતિના રકમ ધરાવે છે.
- એન.આઈ.ઓ.એસ.નો વિદ્યાર્થી સીબીએસઈ સ્કૂલના વિદ્યાર્થીઓની જેમ અન્ય બોર્ડ સ્કૂલ માટે પણ કામ કરી શકે છે.
- અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના વિકલ્પો ઉપલબ્ધ છે.
- આ બોર્ડમાં હોમ સ્કુલનું શિક્ષણ ફક્ત પરીક્ષા માટે કરવામાં આવે છે, તમારે ફક્ત પરીક્ષા કેન્દ્રની નજીક પરીક્ષા આપવી પડશે.
- આખા વર્ષ માટેની એનઆઈઓએસ માટેની ફી ૨૦૦૦-૩૦૦૦ રૂ. કરતા ઓછી છે.

વધુ વિગતો માટે આની મુલાકાત લઈ શકો છો : **www.nios.ac.in**

વર્તમાનમાં સ્કુલમાં વિશેષ ભણાતું હોતું નથી. નામ પૂરતી સ્કુલ-બાકીનું ટ્યુશન-ક્લાસમાં. આટલા ખાતર લાખોનો સ્કુલ ખર્ચ શા માટે ? એ ય જેને પોસાય એવો ય નથી એના માથે ય આ ખર્ચ શા માટે ? મારી દૃષ્ટિએ તો શ્રીમંતના સંતાનોએ પણ સ્કુલ-કોલેજમાં ન જ જવું જોઈએ. જો એ શિક્ષણ લેવું જ હોય તો ટ્યુશન/ક્લાસ/જાતમહેનતથી કામ ચલાવી અને આવા N.I.O.S. જેવા માધ્યમથી પરીક્ષા આપી વાત પૂરી કરવી જોઈએ.

**સ્કુલ-કોલેજમાં જઈને ગાળો શીખવી, કુટેવો શીખવી, કુસંગમાં જિંદગી બરબાદ કરવી, ચારિત્ર સુદ્ધાનું જોખમ વહોરવું, ઘરકામના ને સ્કુલબેગના બોજા વેઢારવા, ટ્રાન્સપોર્ટેશનની હાડમારીઓ વહોરવી,**

**વ્યર્થ ખર્ચા કરવા, જીવનના અમૂલ્ય લાખો કલાકો વેડફવા, ધર્મ માટે સમય જ ન રહે, મા-બાપની સેવા માટે ને સાચું જ્ઞાન મેળવવા પણ સમય જ ન રહે, એવી સ્થિતિમાં આવી જવું એના કરતા આ N.I.O.S. શું ખોટું ?**

જો જૈનો આ વિકલ્પ અપનાવીને સંતાનોના બચેલા સમયને તત્ત્વજ્ઞાનપ્રાપ્તિમાં લગાડે તો દશ જ વર્ષમાં આખા શ્રીસંઘની કાયાપલટ થઈ જાય. દરેક ગામ/શહેરમાં એક એવું જૈન કેન્દ્ર હોવું જોઈએ, જે આ વિષે માહિતી પૂરી પાડે, વાલીઓ અને વિદ્યાર્થીઓની શંકાઓ દૂર કરે અને તેમને ગાડરિયા પ્રવાહમાંથી ઉપર ઉઠવાની હિંમત આપે.

ફિલ્મી કલાકારો, સ્પોર્ટસ ચેમ્પિયન્સ વગેરે ઘણી સેલિબ્રિટીઝ N.I.O.S. દ્વારા ભણીને પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખે છે, તો આપણે એના દ્વારા ભણી લઈને બચેલા સમયમાં ધર્મપ્રવૃત્તિ કેમ ચાલુ ન કરી શકીએ ? મા-બાપોને ફક્ત એટલું જ ગળે ઉતારવામાં આવે કે ''સ્કુલ-કોલેજના હવાલે કરેલ સંતાન તમારા હાથમાંથી જશે. એને જો ધર્મસંસ્કારો ન મળ્યા તો એ તમારી સામે થશે, તમારાથી અલગ થશે અને તમારે તમારી પાછલી જિંદગી રોઈ રોઈને પૂરી કરવી પડશે.'' - તો તેઓ ખૂબ જ સહેલાઈથી સ્કુલ-કોલેજ છોડાવીને પૂર્વોક્ત રીતે શિક્ષણ અપાવીને બચેલા સમયનો ઉપયોગ ધર્મસંસ્કારો અપાવવા માટે કરશે.

દીકરો ૧૪-૧૫ વર્ષનો થાય ત્યારે આ રીતે શિક્ષણ સાથે બચેલા સમયમાં વ્યવસાયમાં પણ જોડાઈ શકે, અને પૂર્વના કાળની જેમ પિતા પર બોજો ન રહે, તેથી તે પણ ચિંતામુક્ત થઈને ધર્મ કરી શકે.

જો દીકરો સોળ વર્ષ પછી પણ પિતા પર નિર્ભર હોય, તો તે પિતાનો પૂર્વભવનો લેણદાર સમજવો એવું નીતિવચન છે. સોળ વર્ષ પછી પણ બાપકમાઈ ખાવી એ ખૂબ શરમજનક છે. **આજની શિક્ષણવ્યવસ્થામાં બાપ કે દીકરાને સમય જ બચ્યો નથી ત્યારે ધર્મ કોણ કરશે ? કેવી રીતે કરશે ? આ બહુ જ અઘરો પ્રશ્ન છે. પણ ઉપરોક્ત રીતે તેનો જવાબ સહેલાઈથી મળી શકે છે. આવા બીજા પણ ઉપાયો હોઈ**

**શકે છે. શાસનપ્રેમી શ્રાવકોએ તેમનો ડીપ સ્ટડી કરી આવા પ્રશ્નોનો મૂળમાંથી ઉકેલ લાવવો જોઈએ.**

## (૫) PROTECTION

શ્રીમંત કે સાધારણ કોઈ પણ જૈનને પ્રોટેક્શનની જરૂર હોય છે. બીજી કોમવાળામાં પોતાની કોમની એક પણ વ્યક્તિ સામે આક્રમણ આવે તો આખી કોમ દીવાલ બનીને આગળ ઊભી રહી જાય છે. તો આપણને તો પાયામાં જ સાધર્મિક ભક્તિના સંસ્કારો મળ્યા છે. આપણે કેમ પાછા પડવું જોઈએ.

- ❑ સંઘની એક પણ વ્યક્તિ માંદી પડે તો સંઘના દરેક સભ્યે ખબર કાઢવા જવું જોઈએ અને આર્થિક રીતે કે વ્યવસ્થાકીય રીતે કંઈ પણ જરૂર હોય તો યથાશક્તિ તે જરૂર પૂરી કરવી જોઈએ.
- ❑ સંઘની એક પણ વ્યક્તિને કોઈ તોફાની તત્ત્વો પજવે ત્યારે માથાભારે થઈ શકે તેવા જૈન યુવાનોથી માંડીને સત્તાધીશ જૈનોએ ને સત્તાધીશો સાથેના સંબંધો ધરાવતા જૈનોએ પૂરી ખબર લઈ લેવી જોઈએ.
- ❑ સંઘની એક પણ વ્યક્તિને નાની પણ તકલીફ હોય તો સહાયનો ઢગલો થઈ જવો જોઈએ.

**આવું વાતાવરણ હોય, એ વ્યક્તિનું બહુમાન નથી, જિનશાસનનું બહુમાન છે, એ વ્યક્તિ જિનશાસનની સભ્ય છે, ને જો એ સીદાય છે, તો એ જિનશાસનની ગૌરવહાનિ છે. જેને મન લોહીનું સગપણ એ જ સગપણ છે અને શાસનનો સંબંધ એ જેને મન સંબંધ જ નથી, એને જૈન શી રીતે કહી શકાય ? સંસારના સંબંધો સચવાઈ જાય તો ય આત્માનું કંઈ જ વળવાનું નથી, શાસનનો સંબંધ સચવાઈ જશે તો આત્મા ન્યાલ થઈ જશે.**

બીજાને જરૂર હોય ત્યારે આપણે ઉપેક્ષા કરીએ, આપણને જરૂર હોય ત્યારે બીજા ઉપેક્ષા કરે. આવું વાતાવરણ સર્જવું કે કોઈને પણ

જરૂર હોય ત્યારે બધા ખડે પગે ઊભા રહે આવું વાતાવરણ સર્જવું. એ આપણે વિચારવાની જરૂર છે. સંઘના નાનામાં નાના માણસ માટે ય અડધી રાતે ય આખો સંઘ ઊભો હોય એ શાસનની પ્રભાવના છે. એનાથી જૈનો જૈનત્વમાં સ્થિર થાય છે અને બીજાઓ જૈનત્વની અભિમુખ થાય છે. જૈન લાચાર હોય, અસહાય હોય, એની કોઈને પડી ન હોય, એ શાસનની અપભ્રાજના છે, એનાથી જૈનોનું ય જૈનત્વ શિથિલ થાય છે, અને બીજાઓ પણ જૈનત્વની વિમુખ થાય છે.

**આગમમાં કહ્યું છે કે એક મહાત્મા માંદા હોય અને બીજા મહાત્માઓ જો પડાપડી કરીને તેમની સેવા ન કરે, તો તેમને બધાને પ્રાયશ્ચિત્ત આવે. એ મહાત્માની જો ઉપેક્ષા થાય, તો તેમને જેમ જેમ વધુ પીડા થાય, તેમ તેમ બધાને વધુ પ્રાયશ્ચિત્ત આવે. આ વાત શ્રાવકોને પણ લાગુ પડે છે.**

### છતી શક્તિએ સાહમ્મિવાચ્છલ્લ ન કીધું

યથાશક્તિ સાધર્મિકવાત્સલ્ય ન કરીએ તો અતિચાર લાગે છે, પ્રાયશ્ચિત્ત આવે છે, સાધર્મિક જેમ વધુ સીદાય તેમ વધુ પ્રાયશ્ચિત્ત આવે છે. એવા સમયે સાંસારિક કાર્યો છોડીને અને બીજા ધાર્મિક કાર્યો પણ છોડીને દોડી જવું એ બધાનું કર્તવ્ય છે.

## (૬) MINORITY

'લઘુમતી' માં આવ્યા પછી ક્યાં ક્યાં ક્ષેત્રે જૈનો ક્યાં ક્યાં લાભો મેળવી શકે છે તેનું માર્ગદર્શન અને તે લાભો મેળવી આપવામાં મદદ કરે તેવું, કેન્દ્ર દરેક શહેર/ગામમાં હોય, તો વગર પૈસે પણ જરૂરિયાતવાળા જૈનોને ખૂબ લાભદાયક બની રહે. કેટલાક શાસનપ્રેમિઓ આ કાર્ય કરે છે. તેમની પાસેથી અનુભવ અને પ્રેરણા લેવી જોઈએ.

✻

# ※ સંઘ ઔચિત્ય ※

પૂર્વાચાર્ય શ્રી લક્ષ્મીસૂરિ મહારાજા
ઉપદેશપ્રાસાદ ગ્રંથમાં કહે છે -

**मात्रादिस्वजनादिभ्योऽप्यधिकं क्रियते मुदा ।**

*જૈન એ*
*જે મા-બાપ-પત્ની-પુત્ર વગેરે સ્વજનો કરતા પણ*
*સાધર્મિકનો વધુ સત્કાર*
*અને વધુ ભક્તિ કરે.*

પૂજ્ય રત્નમંદિર ગણિ મહારાજા ઉપદેશતરંગિણી ગ્રંથમાં કહે છે -

**श्रावकधर्मश्रियो वराभरणम् ।**

*શ્રાવકધર્મ એ સાક્ષાત્ લક્ષ્મી છે.*
*જેનું શ્રેષ્ઠ આભૂષણ છે.*
*સાધર્મિક વાત્સલ્ય.*
*એટલે કે શ્રાવકધર્મ બીજા કોઈ ગુણથી એટલો નથી શોભતો,*
*જેટલો સાધર્મિકવાત્સલ્યથી શોભે છે.*

જ્ઞાનીઓનો આ આશય સચવાય
તો આપણા દ્વારા કરાતી સાધર્મિકભક્તિ
ખરેખર સાધર્મિકભક્તિ બને,
તેના માટે આપણી કેટલીક પદ્ધતિઓ પર
ગંભીરતાથી વિચાર કરવા જેવો છે.
જેમ કે -

**(૧) કીટ વિતરણ**

સાધર્મિકોને બોલાવીએ, લાઈનમાં ઊભા રાખીએ અને કીટ આપીએ તેમાં તેમનું ગૌરવ-બહુમાન કેવી રીતે જળવાય ? આપનારના-લેનારના

ભાવ કેવી રીતે સચવાય ? ધીમે ધીમે બંનેના ભાવો કેવા થાય ? સાધર્મિક આ રીતે પાંચ-દશ સ્થળેથી કીટ લાવવા ફરે, અમુક કીટો તરત નજીકની દુકાનમાં સસ્તે ભાવે આપીને જતા રહે, ત્યારે આપણે ઊંડું આત્મનિરીક્ષણ કરવું જોઈએ ? કે આ જ પદ્ધતિ ચાલું રાખવી જોઈએ ?

**(૨) રોકડ-રકમની ભક્તિ**

જે સક્ષમ હોય એમને પણ એમ ને એમ રોકડ આપે રાખવાથી જતે દિવસે તેમના મનના પરિણામ કેવા થાય ?

**ખેડૂત બળદને લઈને જતો હતો, રસ્તામાં ભિખારી બેઠો હતો. તેના વાસણમાં થોડું ખાવાનું હતું. બળદે એમાં મોઢું નાંખીને એ ખાધું. ભિખારી ચીસ પાડી ઉઠ્યો. ખેડૂતને પણ દુઃખ થયું. ખેડૂતે એની માફી માંગી. ભિખારીએ કહ્યું, મારું તો ખાવાનું ગયું એનું મને કોઈ દુઃખ નથી, મને તો બીજું ય મળશે. પણ આ 'મફતનું' ખાઈને તમારો બળદ હવે નકામો થઈ જશે, એનું મને દુઃખ છે.**

સમજુ મા-બાપ - દીકરો કશું ભણે-ગણે નહીં, કમાય નહીં, નોકરી-ધંધો કાંઈ ન કરે ને આપણે એનું પૂરું પાડતા રહીએ -- આવી નીતિ નથી અપનાવતા, તો આપણે પણ સાધર્મિક પ્રત્યે એવો ભાવ કેમ રાખવો જોઈએ ?

**(૩) અન્ય કોઈ પણ પ્રકારની સાધર્મિક ભક્તિ**

પૂ. હરિભદ્રસૂરિ મહારાજા ઉપદેશપદમાં ભક્તિની વિધિ આ રીતે કહે છે -

**पुरिसं तस्सुवयारं अवयारं चऽप्पणो णाउं**
**कुज्जा वेयावच्चं ।**

*વ્યક્તિને જોઈને,*
*તેમના પર ઉપકાર શું થશે ને અપકાર શું થશે,*
*મારા પર ઉપકાર શું થશે ને અપકાર શું થશે,*
*આ બધું સમજીને વેયાવચ્ચ કરવી જોઈએ.*

જે જિનાગમો ગ્લાન મહાત્માની સેવા કરવામાં સ્પષ્ટપણે પડાપડી કરવાનું કહે છે, તે જ જિનાગમો સમર્થ મહાત્માને 'પાત્ર' નો ખપ હોય, અને તેમના માટે બીજા મહાત્મા 'પાત્ર' લઈ આવે, તો તેમને પ્રાયશ્ચિત્ત પણ બતાવે છે.

**મેં તો ભક્તિ કરી લીધી હવે હું બીજું કાંઈ ન જાણું - આવી નીતિ એ ખરી ભક્તિ નથી. ભક્તિપાત્ર વ્યક્તિ દ્રવ્યથી કે ભાવથી કોઈ રીતે સીદાય નહીં એવી લાગણીપૂર્વક અને વિવેકપૂર્વક ભક્તિ કરાય એમાં સ્વ-પરનું હિત છે. એવું કંઈ વિચારીએ જ નહીં તો એમાં ભક્તિનું પુણ્ય ઓછું થાય છે. નિશ્ચયદૃષ્ટિએ તો આ લાગણી એ જ ભક્તિ છે, માટે જ્યાં એ લાગણી નથી, ત્યાં ભક્તિ નથી.**

## ☼ શું આને ભક્તિ કહેવાય ? ☼

૫૦૦ સાધર્મિકોને ૫૦૦-૫૦૦ રૂ. આપી દેવાથી કોઈનું કશું ન વળે એવી સંભાવના વધારે છે. આ રીતની ભક્તિથી એમણે ૨૫ જગ્યાએ ફરવું પડશે, હાથ લંબાવવો પડશે. ખુમારી ગુમાવવી પડશે ને જતે દિવસે સાવ નિઃસત્ત્વ નિસ્તેજ થઈ જવું પડશે. આને ભક્તિ કઈ રીતે કહેવાય ?

**એવા નિઃસત્ત્વ નિસ્તેજ પ્રત્યે ભક્તિભાવ સહજ રીતે ઘટવાનો, પરિણામે દાતા-પક્ષે નિષ્ઠુરતા આવવાની, ને જે પૂજનીય છે તે હડધૂત થવાના, આને ભક્તિ કઈ રીતે કહેવાય ?**

પ્રભુના પરિવારના સભ્યો આજીવન માંગણ જ રહે ને આપણે એમને ૫૦૦-૧૦૦૦ આપતા રહીએ, એનો ખાડો કાયમ માટે ખાડો જ રહે આને ભક્તિ કઈ રીતે કહેવાય ?

### થવું શું જોઈએ ?

સંઘ લેવલે કે વ્યક્તિગત દાતા-ના લેવલે યથાશક્તિ સાધર્મિકોને દત્તક લઈ લેવા જોઈએ. ૧/૨/૫/૧૦ જેટલાને લઈ શકાય તેટલા. તેમને

વગર વ્યાજની લોન આપવી જોઈએ. તેમનું ઘર આપણું ઘર છે, એમ સમજીને તેમની A to Z જવાબદારી આપણે લઈ લેવી જોઈએ, અનાજ-શાક-દૂધ-શિક્ષણ-આરોગ્ય-બધી જ જવાબદારી. ખૂબ યોગ્ય પ્લાનિંગ અને મજબૂત માર્ગદર્શન સાથે ખૂબ ટૂંકા ગાળામાં એ પરિવારને સદ્ધર અને સ્વાવલંબી કરી દેવો જોઈએ. આ રીતે કરવાથી લાગણીભરી ભક્તિ થશે. ખરી ભક્તિ થશે. આપનારના હૃદયની કરુણા ટકશે. લેનાર કાયમ કૃતજ્ઞ બની રહેશે. 'લોન' રૂપે લેવાથી અને અનુકૂળતા થતા લોન પાછી ભરપાઈ કરવાથી એ નિસ્તેજ અને નિઃસત્ત્વ નહીં બને, કામ કરવાનો એનો ઉત્સાહ-તરવરાટ ટકી રહેશે.

અહીં દ્રવ્ય-ભાવ વાત્સલ્યના જે જે પ્રકારો બતાવ્યા છે, તે બધા તે દત્તક લીધેલા પરિવારોના સ્તરે લાગુ કરી તેમનું ઈનામ વગેરે રૂપે બહુમાન પણ કરી શકાય.

**આમાં પરસ્પરનો શાસન-સંબંધ મજબૂત થાય છે. આપનારને તે પરિવાર જલ્દીથી આગળ આવે એવી લાગણી થાય છે. લેનારને દેનાર પ્રત્યે અને શાસન પ્રત્યે નક્કર કૃતજ્ઞતા જાગે છે.** અત્યાર સુધી કદાચ લેનારને એમ થતું હતું કે એ એના માટે લાખો વેડફે છે ને મને ૫૦૦-૧૦૦૦ આપે છે. દેનારને એમ થતું હતું કે આ એટલું ભૂખ્યું ક્ષેત્ર છે કે હું લાખ વાપરું કે કરોડ વાપરું બધું ઓછું જ છે. આ રીતે બે ય પક્ષે ભાવોની ઓટ હતી. તેની સામે આ પદ્ધતિમાં બંને પક્ષે ભાવોની ભરતી આવશે. દાતા/સંઘ/સંસ્થા વિચારશે કે હજી મારી પાસે ફંડ છે, તો હજી બે જણને દત્તક લઈ લઉં. પહેલાની પદ્ધતિમાં ભલે સેંકડોની ભક્તિ થતી, પણ જવાબદારી કોઈની નહીં, પૂરું કોઈનું ન થાય, સદ્‌ભાવ કોઈને ન રહે, સદ્ધર કોઈ ન થાય. આ બધી જ કરુણતાનો આ રીતે અંત આવશે. સાધર્મિકનું સમ્માન, સત્ત્વ, તેજ બધું જ જળવાશે ને એ બધી રીતે સચવાશે.

**પૂર્વની પદ્ધતિમાં સંસ્થા વગેરે અરજીઓ લેતા, અરજીદાતાઓની**

**પરિસ્થિતિનો સ્ટડી કરતા, તે માટે ઓફિસ-સ્ટાફ-વહીવટો વગેરેની જફામાં પડતા. તે માટે જુદા ખર્ચાઓ કરતા. આ પદ્ધતિમાં તેવું કશું જ નહીં કરવું પડે. ને સાધર્મિકોનું વધુ હિત થશે. 'માંગણો' ઓછાં થતાની સાથે દાતાના પણ ભાવ વધશે. 'માંગણો' નહીવત્ થતાની સાથે દાતાઓએ સાધર્મિકને શોધવા નીકળવું પડશે.**

કેમ કોઈ શીખ ભીખ નથી માંગતું ? ને કેમ ઉપાશ્રયની બહાર સાધર્મિક ઊભા હોય છે ? એનો જવાબ આપણે શોધી કાઢવાની જરૂર છે. વર્તમાન પદ્ધતિ એનો જવાબ નથી જ.

## ❊ મહાવીર વિદ્યાલયની પદ્ધતિ ❊

આ સંસ્થા ખૂબ સારી રીતે કામ કરી રહી છે. કારણ કે તે નબળા વિદ્યાર્થીને ફ્રી મદદ કરવાને બદલે લોન-સ્વરૂપે ટેકો આપે છે. વિદ્યાર્થીઓ ભણીને પછી કામે લાગે છે, ને લોન ભરપાઈ કરી આપે છે, જે વિદ્યાર્થીઓ વિશેષ સંપ્પન્ન થાય છે, તેઓ વિદ્યાલય પ્રત્યેના કૃતજ્ઞભાવથી વિશેષ ડોનેશન આપે છે. જેમ કે તાજેતરમાં અમદાવાદમાં બનેલા નવા મકાન માટે એક વિદ્યાર્થીના પરિવારે ૨૭ કરોડ રૂપિયા આપ્યા. જો એ વિદ્યાર્થી દશ જગ્યાએ ઠેબા ખાઈને હડધૂત થઈ થઈને માંડ માંડ સહાય ભેગી કરીને ભણ્યો હોત, તો એનામાં આ કૃતજ્ઞતા આવત ખરી ? સંસ્થા જે રીતે પોતે પણ હાથ લંબાવ્યા વિના સ્વાભિમાન સાથે ઊભી છે, તે ઊભી હોત ખરી ?

**વિદ્યાલયે જેમ શૈક્ષણિક સ્તરે વિદ્યાર્થીને દત્તક લીધા, ને એના પૈસાની સાઈકલ ચલાવીને નવા નવા વિદ્યાર્થીઓને લાભ આપ્યો. તેમ સાધર્મિકને સર્વ સ્તરે દત્તક લઈને આ રીતની સાઈકલ ચલાવીને નવા નવા સાધર્મિકોને લાભ કેમ ન આપી શકાય ? આ બહું મોટું કાર્ય છે એવું નથી. કોણ કહે છે ૧૦૦ જણને દત્તક લો ? ૫ ને દત્તક લો. ૫ નું તો કામ થશે ! અત્યારે તો કોઈનું કામ નથી થતું.**

હકીકતમાં તો અત્યારે જેટલા પણ સંઘો-દાતાઓ-સંસ્થાઓ આ ક્ષેત્રે કામ કરે છે. તેઓ આ નીતિ અપનાવે તો બધા સાધર્મિકો સચવાઈ જાય એમ છે. જરૂર છે ફક્ત વિવેકપૂર્ણ નીતિની.

અહીં જે કહ્યું છે તે માત્ર દિશાસૂચન છે. આગમોએ સંઘપૂજાનો અપરંપરા મહિમા ગાયો છે. ને મારા જેવો અલ્પજ્ઞ સંઘભક્તિના જે પ્રકારો સૂચવે, તે પણ અધુરા જ હોય, પૂજનીય ગુરુ ભગવંતો અને નિષ્ણાત શ્રાવકોના માર્ગદર્શન-પૂર્વક સકલ શ્રીસંઘ એવી નીતિ સાથે કામે લાગે કે જૈનમાત્ર બધી રીતે સદ્ધર જ હોય. એવી પરિસ્થિતિ સર્જાય. એ જ અભ્યર્થના.

✻



# સાધર્મિકને આત્મનિર્ભર બનાવીએ

C.A. નિકુંજ શાહ (ચાણસ્મા / સુરત)

દરેક સમાજ, દરેક ગામ, દરેક શહેર, દરેક રાજ્ય, દરેક દેશ અને દુનિયામાં ઘણી બધી એવી વ્યક્તિઓ હંમેશા રહેવાની કે તેમના પોતાના ઉત્તમ પ્રયત્નો હોવા છતાં તેમને આર્થિક ક્ષેત્રે સફળતા ન મળે. અને આવક અને ખર્ચના છેડા ભેગા કરવામાં આખી જિંદગી નીકળી જાય.

આવા ૧૦% થી ૨૦% વર્ગ માટે પ્રભુશાસનમાં સાધર્મિકભક્તિનું અદ્‌ભુત કર્તવ્ય આપણને સૌને પર્યુષણના પ્રથમ દિવસે પ્રથમ પ્રવચનમાં સાંભળવા મળ્યું.

સૌથી પહેલા એવો જે વર્ગ છે જે પોતે હવે આત્મનિર્ભર થઈ શકવાનો નથી. માટે સંઘ + સમાજે હમેશાં ઊભા રહેવાનું છે. તેની કાળજી રાખવાની છે. દર મહિને તેમને કીટ અને રોકડ સ્વરૂપે ભેટ આપવાની છે.

(૧) વૃદ્ધ માતા-પિતા (જેમની હવે આવક નથી અને કોઈ સંતાન-વાલી-વારસ નથી.)
(૨) માંદગીથી પીડાતી વ્યક્તિ
(૩) અપંગ (દિવ્યાંગ વ્યક્તિ)
(૪) વિધવા બહેનો (જેમનો હવે કોઈ આધાર નથી.)
(૫) આર્થિક રીતે નબળા જનો : સંપૂર્ણ મહેનત કરવા છતાં ખર્ચને પહોંચી નથી શકતા.

અત્યારે આ Article લખવાનો ઉદ્દેશ સાધર્મિક ભક્તિની પ્રેરણા આપવા માટે નથી.

જૈન સમાજે Lockdown અને ત્યાર પછી સુરત ખાતે જે કાર્ય કર્યું છે. એ બતાવે છે જૈનો ફક્ત દેરાસર નથી ઊભા કરતા. માણસોને પણ ઊભા કરે છે. જૈનો ફક્ત પૈસા આરસમાં નથી વાપરતા. પણ. આરસ અને પારસ જેવા ભાઈઓ પાછળ પણ પૈસા વાપરી શકે છે.

સુરતમાં દરેક સમાજે + સંઘોએ મળીને : (૨૧૦૦ Family + Rs. ૫૦,૦૦૦ એવરેજ) = ૧૦.૫૦ કરોડ જેટલી રકમ અલગ અલગ સ્વરૂપે ભેટ આપી છે. આ માત્ર lockdownના સમયની વાત છે.

રકમ અને Familyની સંખ્યામાં ફેરફાર હોઈ શકે છે. આંકડો ૧૦.૦૦ કરોડથી ઓછો નથી હવે Compire છે.

પ. પૂ. આ. રત્નચંદ્રસૂરીશ્વરજી ડહેલાવાળા સાહેબજીનું અભિયાન પંડિત + સંગીતકાર + સાધર્મિકભક્તિનું કાર્ય પણ ઊડીને આંખે વળગે એવું અદ્‌ભુત હતું.

આપણે સૌનો વિચાર કર્યો છે. નવી જનરેશને એવું વિચારવું જોઈએ કે આટલી રકમ અન્ય જૈન સિવાયના સમાજને નથી મળી એ એટલું જ સાચું છે.

કેટલાક અપવાદોને બાદ કરીએ તો જે જૈનોએ કરી બતાવ્યું છે. એવી બીજા કોઈ સમાજની વિચારધારા નથી.

આ ભક્તિ કરવાનો અવસર પણ શ્રમણ-શ્રમણી ભંગવતોના માર્ગદર્શનથી જ મળ્યો છે.

આ તો અનુમોદનની વાત થઈ. પણ આપણે વાત જુદી કરવી છે.

જૈન સમાજમાં સાધર્મિકની સંખ્યા વધી રહી છે એના કારણો તપાસવા છે. સક્ષમ વ્યક્તિ ધીરે-ધીરે નબળી પડતી જાય એ સમાજ માટે સારી નિશાની નથી. એક નવયુવાન નબળો બની જરૂરિયાતમંદ થઈ જાય એ વિચારવા જેવી બાબત છે.

દેશ-ધંધાની પરિસ્થિતિ બદલાય છે. અનેક લોકોને ન છૂટકે હાથ લંબાવવા પડે છે. સૌથી પહેલા જૈન સમાજ અને તેનાં કારણો જોઈએ અને પછી એના ઉપાયો વિચારીએ.

### આર્થિક સ્થિતિ બગડવાનાં કારણો :

**(૧) આધુનિક જીવનશૈલી :** મોંઘાદાટ-મોબાઈલ, પૈસાની સગવડ ન હોવા છતાં એક પ્રકારનો બિનજરૂરી ખર્ચ. લોનથી દરેક વસ્તુની ખરીદીએ પાયમાલીનું સૌથી મોટું કારણ છે. પૈસા હોય તો દરેક વસ્તુની ખરીદી યોગ્ય છે પણ સાધનો ટૂંકા પડતા હોય પણ બીજાને Impress કરવા અથવા સમાજને દેખાડવા થતા ખર્ચ તેને વધુ વ્યાજના ચક્કરમાં પૂરો કરી નાંખે છે.

૫૦ લાખના ફ્લેટમાં રહેનારો વ્યક્તિ ૫૦,૦૦૦ની આવક કમાતો હોય અને ૩૦,૦૦૦નો હપ્તો ભરતો હોય તો એ કેટલું અઘરું કહેવાય. આવા સમયે થોડા સમય માટે નાની જગ્યા અને સગવડ થાય ત્યારે મોટી જગ્યા તરફ જવું. એ વધારે હિતાવહ છે.

**(૨) શેરબજાર + સટ્ટો :** જ્યારે વ્યક્તિ પાસે કોઈ જ ધંધો + રોજગાર નથી હોતો ત્યારે તેની નજર (લગામ વગરના ધંધા) એવા શેરબજાર પર પડે છે + સટ્ટા પર પડે છે. જેમાંથી કમાવાનું કંઈ નથી પણ ગુમાવવાનું ઘણું છે. ૧૦૦માંથી ૫ વ્યક્તિ કમાતી હોય તો આપણી નજર ૯૫ નથી કમાતા એના પર હોવી જોઈએ.

લાંબા ગાળાનું રોકાણ ૧૦૦% સારું છે પરંતુ, Trading & F & O. જીવતુંજાગતું ઝેર છે.

**(૩) વ્યાજ પર પૈસા આપીને પોતાની જીવનશૈલી ઝીરો કરી દેવાની :** ઘણા બધા એવા પરિવારો છે જેમની ૧૦ થી ૨૫ લાખની મૂડી બિલ્ડર / ફાઇનાન્સ / અન્યને વ્યાજે આપેલી છે. વ્યાજની કાયમી આવક ચાલુ થઈ ગઈ. અને પોતે ધંધામાંથી નિવૃત્ત થઈ અથવા પોતાના ધંધામાં ઓછું ધ્યાન આપવા માંડ્યા.

જેમને વ્યાજે આપ્યા હતા તે હવે પૈસા પાછા નથી આપતા, અથવા વ્યાજ પણ નથી આપતા. એટલે વ્યાજની આવક તો બંધ થઈ સાથે પોતાના ધંધામાંથી પણ તે બહાર નીકળી ગયા.

**(૪) મહેનતનો અભાવ :** નવી જનરેશનમાં નાની ઉંમરે મહેનત, આવડત, વગેરેનો અભાવ જોવા મળી રહ્યો છે.

નોકરી - પેકેજમાં જનારા વધી રહ્યા છે. માટે જેવી નોકરી જાય એટલે પાછો એ જ્યાંનો ત્યાં થઈ જાય છે.

ધંધો કરવામાં શરૂઆતમાં ખૂબ મહેનત છે એ જોખમ લેવું નથી. પ્રામાણિકતા રાખવી નથી અને ખૂબ નજીવા સમયમાં ઘણું બધું કરી લેવું છે જે શક્ય નથી.

આપણી નવી જનરેશન ધંધો કરતા પાછા પડી રહી છે.

**(૫) જૈન સમાજની ધંધા પર પકડ ઘટતી જાય છે :** ધંધો એ વાણિયાનું બીજું ઘર છે. એ કહેવત હવે નવી પેઢીમાં ભૂલાતી જાય છે. લોકો સરળ રીતે, નોકરીમાં ગોઠવાતા જાય છે.

પૈસો હમેશા ધંધામાં હોય છે. નોકરી સરકારી અને બહુ મોટા હોદ્દાની હોય તો સારી વાત છે. પણ ૧૦,૦૦૦થી ૨૦,૦૦૦માં નોકરી કરતો જૈન યુવાન મહેનત કરીને ધંધામાં કાઠું કાઢી શકે છે. આપણે શેઠ થવા સર્જાયા છીએ. નોકરી કરે તે તો નોકર કહેવાય.

ચાલો, આપણે આ સંકટમાંથી બહાર નીકળવાના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ વિચારીએ.

**(૧) સાધર્મિક પાસેથી ખરીદી :** આપણી દરેક જીવનજરૂરી વસ્તુની ખરીદી જૈન પાસેથી કરીએ. વધારે ભાવ લેશે પણ પૈસો આપણી જ પાસે રહેશે. કમસેકમ રસોડાની-જમવાની બધી જ વસ્તુ જૈન પાસેથી અવશ્ય ખરીદી શકાય.

**(૨) સટ્ટાથી દૂર રહીએ :** ૨૦થી ૩૫ વર્ષના યુવાનોએ શેરબજારમાં F & O, Indra day, Trading. આનાથી સંપૂર્ણ દૂર રહેવું જોઈએ. મહેનત ક્યાં કરવાની છે એ જ વિચારવું જોઈએ. ઘણાબધા યુવાનો સવારે ૯ થી બપોરે ૪ સુધી શેરબજારમાં પોતાનો કિમતી સમય નષ્ટ કરે છે. મળવાનું કંઈ નથી. પણ એ જ સમય ઉત્પાદક તરફ વાળશે તો ૧૦૦% એનું રિઝલ્ટ મળશે.

**(૩) ધંધામાં મિનિમમ ૧૦ કલાક સમય આપવો જોઈએ :** કોઈ પણ નવયુવાન હોય એટલે સવારે નવકારશી, જિનપૂજા, સમય હોય તો સામાયિક અને ત્યાર પછી સવારે ૯ થી સાંજે ૭ સંપૂર્ણ = ૧૦ કલાક ધંધા / વ્યવસાય / નોકરીને આપવાના = ૧૦૦ % આપવાના.

- અહીં કંઈપણ આળસ બતાવે તો રિઝલ્ટ નહીં મળે.
- દુનિયામાં સામાન્ય મજૂરી કરતી પ્રજા પણ આટલો સમય જો આપે તો રોજના ૧૦૦૦ તો ઊભા કરી જ લે છે તો આપણે તો બુદ્ધિશાળી જૈન! સંસ્કૃતિમાંથી આવેલા છીએ.

**(૪) વ્યાજની ફીક્સ આવકવાળા :** ઘણાને વ્યાજ અને ભાડાની કાયમી આવક હોય છે એમને જૈન સમાજની કોઈ પણ એક સંસ્થામાં પોતાના એક-બે કલાકના સમયનું દાન આપવું જોઈએ. નોકરી ઇચ્છુક - ધંધામાં આગળ આવતા નવા સાધર્મિક ભાઈને માર્ગદર્શન આપી – સાચો રાહ બતાવી આગળ લાવવા જોઈએ.

**(૫) જૈન સમાજને નોકરીમાં પહેલો ચાન્સ :** જૈન પેઢી. મેનેજર, એકાઉન્ટન્ટ, કારકુની કામ, હિરા ડાયમંડ પેઢીમાં માણસની જરૂર પડે તો પહેલો ચાન્સ જૈનને ન મળે તો બીજાની શોધ કરવી.

સામે નોકરી પર રહેનારે પણ નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરી પોતાને પ્રામાણિક પુરવાર કરવો જોઈએ.

**(૬) ધંધાની ટ્રેનિંગ :** મા-બાપે નાનપણથી જો બાળક ભણવા બહુ આગળ ન જવાનો હોય તો ધંધાની ટ્રેનિંગ / મહેનત કરવાની ટ્રેનિંગ સતત આપવી જોઈએ. મહેનત કરવાના ગુણો અને વેપારી બનવાની કળા યુવાવયમાં આપવી જોઈએ. ત્રણ વર્ષ = ૧૦૦૦ દિવસ કોઈપણ જગ્યાએ સારો અનુભવ અને પછીના ત્રણ વર્ષ = ૧૦૦૦ દિવસ જો ધંધાને સફળ કરવા આપી દે. તો પછી તેને ધંધામાં કોઈ પાછળ પાડી શકતું નથી.

**(૭) ધંધાના ટ્રેનિંગ સેન્ટર / Citywise Employment Exchange :** ધંધાની ટ્રેનિંગ અને નોકરીની જરૂરિયાતનું એક સેન્ટર દરેક સીટીમાં જૈનોની બધી સંસ્થા ભેગી મળીને કરી શકે.

App બનાવી શકે. ટેક્નોલોજીનો ભરપૂર ઉપયોગ કરી શકે.

**(૮) જૈનશાસનમાં બધા પ્રસંગોનો ઓર્ડર જૈનોને જ મળે :** મંડપ, પ્રીન્ટિંગ, કેટરીંગ, સંગીત, ઇવેન્ટ, કરિયાણું, ટેબલ, ખુરશી, સાઉન્ડસીસ્ટમ, કલાકારો. આ બધું જ જૈન જૈનને જ ઓર્ડર આપશે. તો મને લાગે છે કાયાપલટ થતા વાર નહીં લાગે.

**(૯) સેવાકીય ધંધામાં જોડાઓ (Service) :** જેઓ એમ કહી રહ્યા છે કે, ધંધામાં ખૂબ પૈસાની જરૂર છે તો સર્વિસ ઇન્ડસ્ટ્રીઝમાં જોડાઓ. દેશના GDP ના ૫૦% કોન્ટ્રીબ્યુશન તો ફક્ત સર્વિસ સેક્ટરનું છે. (જ્યાં મૂડીનું રોકાણ નહીંવત છે.)

ઉદાહરણ છે :

- ટીફીન બનાવનારા મહિને ૩૦,૦૦૦ કમાઈ લે છે.
- શાકભાજી / અનાજ ઘરે પહોંચાડવાનો ધંધો જોરમાં ચાલે છે.
- માઇક / સાઉન્ડ - સીસ્ટમની સર્વિસવાળા સારું એવું કમાઈ લે છે.
- વેઈટર / કામવાળા સપ્લાય સર્વિસનો નવો ધંધો શરૂ થયો છે.
- જૈન સમાજના પ્રોગ્રામોના કોન્ટ્રાક્ટમાં સારી આવક થઈ શકે છે. બીજા ઘણા ઉદાહરણ આપી શકાય.

છેલ્લે,

સ્કીલ જોઈશે. - મહેનત જોઈશે.

પ્રામાણિકતા અવશ્ય જોઈશે. - નૈતિકતા મોસ્ટ.

આટલું હોય તો ધંધો અને લક્ષ્મી સામેથી ચાલ્લો કરવા આવશે એમાં શંકા નથી.

ઉપરના વિચારો સિવાય આપના તરફથી પણ હૃદય પરિવર્તનને સૂચનો મોકલજો અને ઉપરના સૂચનોનો અવશ્ય અમલ કરશો તો યુવા નાદુરસ્ત-નબળા સાધર્મિકોની સંખ્યા અવશ્ય આપણે ઘટાડી શકીએ એમ છીએ. ■ ■

# ☼ સંઘ સંકલ્પ ☼

**સંઘ એટલે સગી મા**

**સંઘ એટલે સગા પિતા.**

**સંઘ એટલે સગો ભાઈ**

**સંઘ એટલે સગો દીકરો.**

આપણો સગો ભાઈ ભૂખે મરતો હોય

કે આડા રસ્તે જતો હોય

ત્યારે આપણે આંખ આડા કાન કરીને

બીજું જે સારું પણ કરીએ એ સારું નથી હોતું.

તો ખરાબની તો વાત જ શું કરવી ?

શ્રીસંઘ પ્રત્યે-પ્રત્યેક સાધર્મિક પ્રત્યે

દ્રવ્ય અને ભાવ વાત્સલ્ય

એ કપડાં છે,

બીજા બધાં જ દાન-તપ વગેરે કૃત્યો

એ ઘરેણાં છે.

**કપડાં વગરના ઘરેણાં એ ભૂષણ મટીને દૂષણ બની રહે છે,**

**શોભા મટીને મશ્કરી બની રહે છે.**

ઘરેણાની કોઈ જ ના નથી,

ઘરેણા ખરાબ નથી,

ઘરેણા સારા જ છે,

શરત એટલી જ, કે કપડાં પહેરેલા હોવા જોઈએ.

કપડા વગર ઘરેણા શોભતા નથી.

**હું સંકલ્પ કરું છું કે**

**સૌ પ્રથમ કપડાં.**

**પ્રત્યેક સહધર્મી પ્રત્યે દ્રવ્ય અને ભાવ વાત્સલ્ય.**

**આમાં તો હું કદી પાછો નહીં પડું.**

# ❊ Mission જિનશાસન ❊

આખા જિનશાસનની કાયા-પલટ કરી શકે છે
શરત એટલી જ
કે એ આપણું મિશન બની જાય.
સંઘ પ્રત્યેનું દ્રવ્ય વાત્સલ્ય + સંઘ પ્રત્યેનું ભાવવાત્સલ્ય
= વિશુદ્ધ સમ્યગ્દર્શન
અબોલ જીવો માટે વર્ષે ૪૦૦ કરોડ રૂ. ફાળવતા આપણે
સહધર્મીઓ માટે ૪૦ કરોડ રૂ. પણ ફાળવતા નથી.
તેઓ ઝૂંપડામાં રહે છે,
ઝાડું-પોતા કરે છે,
રિક્ષા ચલાવે છે,
ને તમે જેટલા નીચા કામો કલ્પી શકો તે બધાં જ કામો કરે છે.
આનો અર્થ એ જ છે કે
આપણે હજી કશું સમજ્યા જ નથી.
**અબોલ જીવો માટે ૪૦૦ જ નહીં ૫૦૦ કરોડ આપીએ,**
**પણ સંઘ માટે તો ૧૫૦૦ કરોડ ધરી દેવા જોઈએ.**
**હજી આપણને સંઘની એવી પાત્રતા નથી લાગતી,**
**એ આપણી અપાત્રતાનો પરિચય છે.**
દીકરાને ધર્મમાં જોડવા માટે આપણે કડવા થવા ને અળખામણા
થવા સુધી જઈ શકીએ છીએ.
સહધર્મી
રાત્રિભોજન, કંદમૂળ, ઈંડા, માંસ, દારૂ સુધીની
અને વિદેશગમન-દુરાચાર સુધીની
બધી જ મર્યાદાઓ ઓળંગવા સુધી જઈ શકે,
એ વિધર્મીઓને પરણી શકે,
એ પવિત્ર ધર્મકર્તવ્યોને ફગાવી શકે,

એ ન કરવાના ધંધા કરી શકે,
એ પ્રવચન, પાઠશાળા, પૂજા, સામાયિક, વૈયાવચ્ચ જેવી
પવિત્ર પરંપરાનો અનાદર કરી શકે
ને આપણે ફક્ત જોયા કરીએ
આપણે વધુમાં વધુ-ચર્ચા કરી શકીએ
એનો અર્થ પણ એ જ છે કે આપણે કશું સમજ્યા નથી.

**મિશન જિનશાસન.**

**દ્રવ્ય વાત્સલ્ય.**

**ભાવ વાત્સલ્ય.**

**વિશુદ્ધ સમ્યગ્દર્શન.**

**સર્વ ધર્મ સફળ.**

**આપણો પણ શીઘ્ર નિસ્તાર**

**અને જિનશાસનનો પણ જયજયકાર.**

આમાં ઉદાસીનતા
ચીકણા કર્મો બંધાવીને ભવભ્રમણ કરાવશે.
આમાં ઉલ્લાસ
સર્વ સુખ-સંપત્તિ અને સદ્ગતિની પરંપરા આપીને
પરમ પદ અપાવશે.
પસંદ આપણી.

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રીજિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય
તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

ભાદરવા સુદ ૮, વિ. ૨૦૭૬,
શ્રી આંબાવાડી જૈન સંઘ,
અમદાવાદ

આ બુકના અનુસંધાનમાં - **હાર્ટ જિનશાસન** પુસ્તક વાંચી શકાય.

# BOOKS FOR THE JAINS

| | | |
|---|---|---|
| ૧. | **બુજ્ઝિજ્જ તિઉટ્ટેજ્જા** | - અઢાર પાપસ્થાનક |
| ૨. | **વેદનાના શિખરે** | - સાક્ષાત્ નરક |
| ૩. | **Sun n Fun** | - બાળશિબિર-પ્રવચનધારા (ગુજરાતી) |
| ૪. | **ગુરુ અમૃત કી ખાન** | - સદ્ગુરુના સાન્નિધ્યની પળો |
| ૫. | **વર્ષીતપની રહસ્યયાત્રા** | - પ્રભુના ૧૩ પ્રકારના વર્ષીતપ |
| ૬. | **નારી in Jainism** (હિંદી) | - જિનશાસનમાં 'સ્ત્રી'નું ગૌરવ |
| ૭. | **Jainism in my Eye** | - વર્લ્ડ-સેલિબ્રિટીસની દૃષ્ટિમાં જૈનીઝમ |
| ૮. | **આગમની આછી ઝલક** | - ૪૫ આગમ - ટૂંક પરિચય |
| ૯. | **ટેસ્ટ જૈનીઝમ** | - જૈનીઝમની સિમ્પલ ટેક્સ્ટ બુક |
| ૧૦. | **જૈનીઝમ** (ગુજ.+હિંદી) | - શોર્ટ એન્ડ સ્વીટ જૈનીઝમ |
| ૧૧. | **આપના માટેની ભવિષ્યવાણી** | - નો યોર ફ્યુચર ડેફિનેટલી |
| ૧૨. | **વરઘોડામાં જતાં પહેલાં** | - સામૈયું - વરઘોડો ગાઈડ લાઈન |
| ૧૩. | **દાન આપતાં પહેલાં** | - જ્યાં રૂપિયો ઉગી નીકળશે |
| ૧૪. | **ભણતા પહેલાં** | - જ્ઞાન પ્રાપ્તિની સોળ યોગ્યતાઓ |
| ૧૫. | **વિલંબ કરતાં પહેલાં** | - સુકૃત-સાફલ્યની પગદંડી |
| ૧૬. | **સગાઈ કરતાં પહેલાં** (ગુજ.-હિંદી-અં.) | - કમ્પ્લીટ એન્ગેજમેન્ટ - ગાઈડ |
| ૧૭. | **પ્રેઝન્ટ ફિલોસોફી** | - આગમના દર્પણમાં નવા દર્શનો |
| ૧૮-૪૮. | **આગમ અમૃત શ્રેણી** | - ૨૪ પોકેટ બુક્સમાં આગમ સુધા |
| ૪૯. | **ધ સર્જરી ઓફ ધ પેરન્ટીંગ** | - ૫ ઓપરેશન્સ |
| ૫૦. | **આ છે સંસાર** | - પૂરો પર્દાફાશ (ગુ.+હિં.) |
| ૫૧. | **સંયમ કબ હી મિલે ?** | - મુમુક્ષુના હૈયાની વાત<br>માતા-પિતાના હૈયાને (ગુ.+હિં.) |
| ૫૨. | **અપ્પહિયં કાયવ્વં** | - દીક્ષા માટે શાસ્ત્રીય માર્ગદર્શન (હિંદી) |
| ૫૩. | **ડિલે ઈસ ડેન્જરસ** | - અભી નહીં તો કભી નહીં (ગુ.+હિં.) |
| ૫૪. | **બ્રહ્મ Easy** | - બ્રહ્મચર્ય - માર્ગદર્શન |
| ૫૫. | **ઈમોશન્સ** | - હૃદયની વાત |
| ૫૬. | **સમાધાનની અંજલિ** | - શ્રમણાદિ દ્વારા પૂછાયેલ પ્રશ્નોના ઉત્તરો |
| ૫૭. | **આચારની અંજલિ** | - આચારપુરુષ સૂરિ પ્રેમના ગુણગાન |
| ૫૮. | **અધ્યાત્મની અંજલિ** | - અધ્યાત્મસાર આધારિત પ્રવચનોની ઝલક |
| ૫૯. | **ધ્યાનયોગ** | - પંદર પ્રેક્ટિકલ મેડિટેશન્સ |
| ૬૦. | **સદા મગન મેં રહના** | - સાચા સુખનું સાચું સરનામું |
| ૬૧. | **અનુભૂતિગીતા** | - મસ્તીનો મસ્ત મહોત્સવ |

| | | |
|---|---|---|
| ૬૨. | **હેપી પર્યુષણ** | - પરિચય અને પરિણતિ |
| ૬૩. | **સમતા** | - જીવન્મુક્તિની અનુભૂતિ |
| ૬૪. | **ફીલિંગ્સ** | - જિનશાસન માટેની અંતરની ઉર્મિઓ |
| ૬૫-૮૩. | **ઉપમિતિની અંજલિ** | - પ્રવચન-ઝલક (ભાગ-૧ થી ૧૮) |
| ૮૪. | **સંતાનોને ગુમાવતા પહેલા** | - એજ્યુકેશન ગાઈડ |
| ૮૫. | **વિનય** | - ઉત્તરાધ્યયન-પ્રવચન-ઝલક |
| ૮૬. | **અંતરની અંજલિ** | - વિવિધ વિષયક અંતરની વાતો |
| ૮૭. | **સંયમની અંજલિ** | - દીક્ષોત્સવ પ્રવચનો |
| ૮૮. | **Let me say** (ગુજ.) | - અગનવર્ષા |
| ૮૯. | **જૈન 31st** | - 31st ડિસેમ્બર - શોર્ટ ટોક |
| ૯૦. | **તપ** | - તપ અને પારણું - ગાઈડ |
| ૯૧. | **ડ્રેસ ગાઈડ** | - બહેનને ભાઈની ભેટ |
| ૯૨. | **જ્ઞાનની અંજલિ** | - વિવિધ વિષયક પ્રવચન ઝલક |
| ૯૩. | **આદર્શની અંજલિ** | - પ્રવચન ઝલક |
| ૯૪. | **ઉજાસની અંજલિ** | - પ્રવચન ઝલક |
| ૯૫. | **સંવેગ** | - પ્રવચન ઝલક |
| ૯૬. | **આત્મૈષણા** | - ધ્યાન શિબિર પ્રસ્તુતિ |
| ૯૭. | **ધ્યાન** | - ધ્યાન - થિયરી + પ્રેક્ટીકલ |
| ૯૮. | **જ્ઞાનસ્વામિવાત્સલ્ય** | - પેઈન્ટીંગ કોન્સેપ્ટ |
| ૯૯. | **તત્ત્વ** | - પ્રવચન ઝલક |
| ૧૦૦. | **દીક્ષા પહેલાં** | - મુહૂર્ત પછી શું ? માર્ગદર્શન |
| ૧૦૧. | **ફાગણ સુદ તે-રસ** | - પર્વની આર પાર |
| ૧૦૨. | **વૈરાગ્ય** | - પ્રવચન ઝલક |
| ૧૦૩. | **લક્ષ્ય** | - પ્રવચન ઝલક |
| ૧૦૪. | **મંથન** | - ચિંતન નવનીત |
| ૧૦૫. | **સંયમ-સંવેદના** | - ક્યારે બનીશ હું સાચો રે સંત - ફીલિંગ્સ |
| ૧૦૬. | **શીલ** | - યાત્રા, પુરુષથી પરમ પુરુષ સુધી |
| ૧૦૭. | **વર્કશોપ** | - પ્લાન જ્ઞાનસત્ર |
| ૧૦૮. | **આકાશ તૂટી પડે એ પહેલા** | - જો રડવામાં રસ હોય તો પ્લીઝ ન વાંચતા |
| ૧૦૯. | **ધરતી ખસી જાય એ પહેલાં** | - જો ઘરમાં જ ભૂકંપ જોવો હોય તો પ્લીઝ ન વાંચતા |
| ૧૧૦. | **ડ્રોપ** | - સંતાનનું સ્વર્ણિમ ભવિષ્ય |
| ૧૧૧. | **અનુપમ ઓળી** | - પ્રેરણા અને વિધિ |
| ૧૧૨. | **ચિંતન** | - વિવિધ પરિશીલન |
| ૧૧૩. | **સિદ્ધાન્તદિવાકર** | - ગુણાંજલિ |

| | | |
|---|---|---|
| ૧૧૪. | **લોન** | - શાસ્ત્રીય માર્ગદર્શન |
| ૧૧૫. | **પશુનિકાસ ચેપ્ટર** | - ૨૦૧૮, જનજાગૃતિ |
| ૧૧૬. | **સમાધાન** | - પ્રશ્નોત્તરી (હિં.) |
| ૧૧૭. | **સ્વપ્ન જિનશાસન** | - સ્વર્ણિમ સ્વપ્નોનું વિશ્વ |
| ૧૧૮. | **કવચ** | - મોહની બાણવર્ષામાં સુરક્ષા |
| ૧૧૯. | **સમાધિ** | - સુધા-વર્ષા |
| ૧૨૦. | **ઓપરેશન** | - મમત્વની ગાંઠનો નિકાલ |
| ૧૨૧. | **સંવેગરંગમાળા** | - સમાધિ... નક્કી |
| ૧૨૨. | **આત્માનુશાસન** | - મારી સાથે મારી વાત |
| ૧૨૩. | **આત્માનુશાસ્તિ** | - સ્વની સ્વને સ્વર્ણિમ ભેટ |
| ૧૨૪. | **હૃદયપ્રદીપ** | - અજવાળું જ અજવાળું |
| ૧૨૫. | **૧૬ ભાવના** | - ભાવો અને મોક્ષે જાવો |
| ૧૨૬. | **સામ્ય** | - પ્રત્યક્ષ મોક્ષ |
| ૧૨૭. | **સ્ટીમ જિનશાસન** | - હૈયા વરાળ |
| ૧૨૮. | **લાઈફ કોર્સ** | - પ્રેક્ટીકલ એજ્યુકેશન |
| ૧૨૯. | **સ્પીરિચ્યુઅલ કોર્સ** | - સાત્ત્વિક એજ્યુકેશન |
| ૧૩૦. | **પ્રેક્ટીકલ કોર્સ** | - લાઈફ એજ્યુકેશન |
| ૧૩૧. | **ડિવાઈન કોર્સ** | - બેટર એજ્યુકેશન |

## સંયમજીવનોપયોગી સાહિત્ય

| | | | |
|---|---|---|---|
| ૧૩૨. | **શ્રામણ્યસંવાદ** | ૧૩૩. | **સત્ય સંવાદ** |
| ૧૩૪. | **શાસનસંવાદ** | ૧૩૫. | **પરઠવતા પહેલા** |
| ૧૩૬. | **સંદર્ભ સમુદાય** | ૧૩૭. | **સંસ્કૃત સર્જન ટિપ્સ** |
| ૧૩૮. | **સંયમ-સંવાદ** | ૧૩૯. | **શ્રમણ અભ્યાસ ક્રમ** |
| ૧૪૦. | **સાધુતા-સંવાદ** | ૧૪૧. | **સમર્પણ સંવાદ** |
| ૧૪૨. | **સદ્‌ગુણ સંવાદ** | ૧૪૩. | **સૌહાર્દ સંવાદ** |
| ૧૪૪. | **શુદ્ધિ સંવાદ** | ૧૪૫. | **સમાધાન સંવાદ** |
| ૧૪૬. | **સાધના સંવાદ** | ૧૪૭. | **સમ્યક્ સંવાદ** |
| ૧૪૮. | **પારિષ્ઠાપનિકા** | ૧૪૯. | **સ્વસ્થતા** |

## HEART TO HEART SERIES

ફ્રી ઈ-બુક માટે : ahoshrut.bs@gmail.com

આના દ્વારા આપ નજીકની Print on demand-shop થી હાર્ડ કોપી મેળવી શકશો.

## *With best compliments*

સાધર્મિક ભક્તિ માટે ની આ એક ગાઈડલાઈન બુક છે.
અમે કોઈ પ્રોજેક્ટ / કોઈ આયોજન કરતા નથી,
આપશ્રી આ ગાઈડન્સ સમજીને સ્વયં યોગ્ય રીતે દાનાદિ કાર્ય કરી શકો છો.
દાન આપવા માટે લેખક પ્રકાશક નો સંપર્ક કરવો નહી

**-: જિન શાસન સિરીઝ:-**

**Dream જિનશાસન**
**Steam જિનશાસન**
**My જિનશાસન**
**Enlight જિનશાસન**
**Enlight જિનશાસન ( શોર્ટર)**
**Heart જિનશાસન**
**For જિનશાસન**
**Vision જિનશાસન**
**Mission જિનશાસન**
**Feelings**

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

JSBN : ASHAP0009